

* આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ, આનું રટણ કરવું જોઈએ. જાગતાં ઊંઘતા એનો પ્રયત્ન જોઈએ. એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે! એને જોવાનું કુતૂહલ જાગે તો જોયા વિના ચેન ન પડે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૫
સં. ૨૦૫૧ ([illegible]૪) * આત્મધર્મ * (અંક–૫ / વર્ષ–૫૧) વીર સં. ૨૫૨૧
ડિસેમ્બર, ૧૯૯૪

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* જે શુભોપયોગજન્ય ઉદયગત પુણ્યની સંપદાવાળા દેવાદિક (અર્થાત્ શુભોપયોગજન્ય પુણ્યના ઉદયથી પ્રાપ્ત થતી ઋદ્ધિવાળા દેવો વગેરે) અને અશુભોપયોગજન્ય ઉદયગત પાપની આપદાવાળા નારકાદિક — એ બંનેય સ્વાભાવિક સુખના અભાવને લીધે અવિશેષપણે (તફાવત વિના) પંચેન્દ્રિયાત્મક શરીર સંબંધી દુઃખને જ અનુભવે છે, તો પછી પરમાર્થે શુભ-અશુભ ઉપયોગની પૃથક્ત્વવ્યવસ્થા ટકતી નથી. ૩૯૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૭૨)

* હે જીવ! દેહનાં જરા-મરણ દેખીને તું ભય ન કર; પોતાના આત્માને તું અજર-અમર પરમ બ્રહ્મ જાણ. ૪૦૦.

(મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૩૩)

* જ્ઞાનમયી નિજતત્ત્વ સિવાય અન્ય સર્વ ભાવો પરગત છે, (માટે) તેમને છોડીને શુદ્ધ સ્વભાવવાળા પોતાના આત્માની જ ભાવના કરવી જોઈએ. ૪૦૧. (શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૪૩)

* જેમ નિશ્ચયથી (ખરેખર) જેણે સિંહને જાણ્યો નથી તેને બિલાડી જ સિંહરૂપ થાય છે, તેમ જેણે નિશ્ચયનું સ્વરૂપ જાણ્યું નથી તેમને વ્યવહાર જ નિશ્ચયરૂપ થાય છે અર્થાત્ તેઓ વ્યવહારને જ નિશ્ચય માની બેસે છે. ૪૦૨. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, શ્લોક-૭)

* જે મોક્ષના સાચા કારણને તો જાણતો નથી, અને માત્ર અક્ષરના જ્ઞાનવડે જ ગર્વિત થઈને ફરે છે તે તો, જેમ વંશ વગરના વેશ્યાપુત્ર જ્યાં-ત્યાં હાથ લંબાવીને ભીખ માંગતો ભટકે, તેના જેવો છે. ૪૦૩.

(મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૮૬)

* આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર ખરેખર શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી થાય છે; અને તે શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી જ થાય છે. માટે તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાયોગ્ય છે. ૪૦૪.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૨૯)

કહાન
સંવત-૧૫
વર્ષ-૫૧
અંક-૬
[ ૬૧૪ ]

વીર
સંવત
૨૫૨૧
સં. ૨૦૫૧
DEC.
A. D. 1994




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પંચ-પરાવર્તનનું સ્વરૂપ

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(સળંગ પ્રવચન નં. ૫૪)

શ્રી પરમાત્મપ્રકાશના પ્રથમ અધિકારની ૭૭મી ગાથાનો ભાવાર્થ ચાલે છે.

મિથ્યાત્વની વ્યાખ્યા કરતાં યોગીન્દ્રદેવ મિથ્યાદષ્ટિ કોને કહે છે તે સમજાવે છે. પરમાત્માની અનુભૂતિરૂપ શ્રદ્ધાથી વિમુખ જે આઠ મદ, આઠ મલ, છ અનાયતન, ત્રણ મૂઢતા આ પચીશ દોષોથી સહિત અતત્ત્વશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ પરિણામ જેને છે તે મિથ્યાદષ્ટિ કહેવાય છે.

આ આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મા છે તેની અનુભૂતિરૂપ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે અને તેની અનુભૂતિથી વિપરીત આઠ મદ આદિ દોષોમાં અહમપણું તે મિથ્યાત્વનું લક્ષણ છે. પોતાના આત્મસ્વરૂપની વિપરીત માન્યતા તે અતત્ત્વશ્રદ્ધાન છે. જાતિ મદ, બળ મદ, રૂપ મદ આદિ આઠ મદ છે. શંકા, કાંક્ષા, વિચિકિત્સા આદિ આઠ મળ છે. દેવમૂઢતા, ગુરુમૂઢતા અને લોકમૂઢતા એ ત્રણ મૂઢતા છે અને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને તેને માનનારા એમ છ અનાયતન છે તેને જે માને છે તે વિપરીત-શ્રદ્ધાની હોવાથી મિથ્યાદષ્ટિ છે.

નિજ અનુભૂતિરૂપ શ્રદ્ધાના પરિણામ તે સમ્યગ્દર્શન છે અને તેનાથી વિપરીત મદ, મળ આદિમાં અહમબુદ્ધિના પરિણામ તે મિથ્યાદર્શન છે. તેને ધરનાર મિથ્યાદષ્ટિ અસતદષ્ટિવાળો કહેવાય છે. તેવા જીવને 'હું જ્ઞાયક ચૈતન્ય છું' એવી રુચિ અને

અનુભૂતિ નથી તેથી તે ચારગતિના ભાવરૂપ પર્યાયમાં લીન રહે છે અને એ જ વિપરીત શ્રદ્ધાના કારણે શુદ્ધાત્માના અનુભવથી પરાન્મુખ અનેક પ્રકારના કર્મોને બાંધે છે.

શુદ્ધાત્માના અનુભવરૂપ પરિણામ હોય તો જીવની મુક્તિ થાય. પણ એવા પરિણામ નથી અને તેથી ઉલ્ટાં પરિણામ છે તેથી મિથ્યાદષ્ટિ આઠ પ્રકારના કર્મોથી બંધાય છે અને તે કર્મોના ફળમાં જીવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ આ પાંચ પ્રકારના પરાવર્તનમાં ભટકે છે.

શ્રોતા :—આ પાંચ પ્રકારના પરાવર્તન એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્ય પરાવર્તન :—આ જગતમાં એવું કોઈ શરીર નથી કે જે મિથ્યાદષ્ટિ જીવે ધારણ ન કર્યું હોય. ઔદારિક, વૈક્રિયિક, તેજસ અને કાર્મણ આ બધાં શરીરો જીવે અનંતવાર ધારણ કરી લીધા છે. દરેક શરીરમાં મિથ્યાદષ્ટિ જીવ જન્મ-મરણ કરી આવ્યો છે.

શુદ્ધાત્માની અનુભૂતિના ફળમાં તો જીવને મુક્તિની પ્રાપ્તિ હોય પણ એવી અનુભૂતિ નથી અને તેનાથી વિપરીત અનુભૂતિ છે તેના ફળમાં આ પાંચ પ્રકારના પરાવર્તન પ્રાપ્ત થાય છે. અનંતવાર આ જીવે સડેલા નારકીના વૈક્રિયિક શરીર ધારણ કર્યા, અનંતવાર રાજા-મહારાજાના શરીર ધર્યા અને અનંતવાર વ્યંતર દેવાદિના શરીર ધર્યા. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પશુના ઔદારિક શરીરો પણ એણે અનંતવાર ધાર્યા છે. અશરીરી ભગવાનની અનુભૂતિના અભાવે મિથ્યાત્વ પરિણામથી બાંધેલા કર્મથી એણે કોઈ શરીરને ધારવું બાકી રાખ્યું નથી.

(૨) ક્ષેત્ર પરાવર્તન :—જગતમાં એવું કોઈ ક્ષેત્ર નથી કે જ્યાં આ જીવે જન્મ-મરણ ન કર્યા હોય. આત્મા ચિદાનંદ પરમાનંદની મૂર્તિ છે તેના ભાન વિના—ઓળખાણ વિના મિથ્યાશ્રદ્ધા દ્વારા સંસારમાં ક્યાંય રખડવાનું જીવે બાકી રાખ્યું નથી. દરેક ક્ષેત્રમાં મિથ્યાદષ્ટિ રખડી આવ્યો છે.

શ્રોતા :—ચન્દ્રમા છે ત્યાં પણ આ જીવ જઈ આવ્યો હશે !

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે, ચંદ્રમા તો શું પણ જ્યાં સિદ્ધો બિરાજે છે ત્યાં પણ અજ્ઞાની નિગોદના જીવરૂપે અનંતવાર જઈ આવ્યો છે. આત્માની અનુભૂતિથી વિપરીત મિથ્યાત્વ પરિણામથી બાંધેલા કર્મના ફળમાં જીવ દરેક ક્ષેત્રમાં જન્મ-મરણ ધારણ કરી આવ્યો છે.

શ્રોતા :—સિદ્ધનો પણ પાડોશી થઈ આવ્યો એમ ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :—પાડોશી ક્યાંથી થયો ! ચક્રવર્તી પાસે જેલના કેદી તરીકે ગયો હોય તે ચક્રવર્તીને મળવા ગયો કહેવાય ?

ચૌદ બ્રહ્માંડમાં એવું કોઈ સ્થાન બાકી નથી કે જ્યાં આ જીવે મિથ્યાત્વના ફળમાં બંધાયેલા કર્મોને કારણે જન્મ-મરણ ન કર્યા હોય.

કાળ પરાવર્તન :—એવો કોઈ કાળ નથી કે જેમાં આ જીવે અનંતવાર જન્મ-મરણ ન કર્યા હોય. અવસર્પિણી અને ઉત્સર્પિણીના ક્રમે ક્રમે એક એક સમયે મિથ્યાત્વવશ જીવે જન્મ-મરણ કર્યા છે.

જાણનારને જાણ્યો નહિ તેથી કેવી દશા થઈ! બધાં દ્રવ્ય, બધાં ક્ષેત્ર, બધો કાળ, બધા ભવ અને દરેક ભાવને પોતે જાણી લે એવો જ્ઞાનમૂર્તિ આત્માને જાણ્યો નહિ, અનુભવ્યો નહિ તેથી તેનાથી ઉલટાં અનુભવના ફળમાં આ પાંચ પરાવર્તનમાં ભ્રમણની સજા ભોગવી રહ્યો છે. સડેલાં કે સારાં કોઈ શરીર બાકી નથી કે જે એણે ન ધર્યા હોય.

અરે ! જીવ વિચાર પણ કરતો નથી કે મારા ઉપર શું વીતી રહ્યું છે! વર્તમાન શરીર અને સંયોગ જેવડો જ પોતાને માનીને બેસી ગયો છે. અરે, આ જ નામ અને આવા જ સંબંધોવાળા શરીર પણ તેં અનંતવાર ધાર્યા અને છોડીને આવ્યો છો. તું તો અનાદિથી છો, અનાદિની કોઈ આદિ નથી. તેમાં તેં અનંત પરાવર્તન કર્યા છે. પહેલું દ્રવ્ય પરાવર્તન અર્થાત્ પુદ્ગલપરાવર્તનમાં સૌથી ઓછો કાળ લાગે છે પણ તે કાળ પણ કેવડો મોટો છે ! એક પુદ્ગલપરાવર્તનના અનંતમાં ભાગમાં અનંતી ચોવીશી થઈ જાય, એક ચોવીશી થવામાં દશ કોડાકોડી સાગરોપમ કાળ જાય. એક સાગરોપમ એટલે દશ કોડાકોડી પલ્યોપમકાળ જાય અને એક પલ્ય એટલે કેટલો કાળ? કે જેના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. આ ઉપરથી એક પુદ્ગલ પરાવર્તનકાળનો ખ્યાલ આવ્યો? એવા તો તેં અનંત પુદ્ગલપરાવર્તન કર્યા છે.

ભગવાન સર્વજ્ઞ વીતરાગદેવે ત્રણકાળ ત્રણલોકને જોયા છે. તેમની વાણીમાં એમ આવ્યું છે કે હે જીવ ! તું તો અતીન્દ્રિય આનંદરસનો સાગર છો પણ તેના સમ્યક્ અનુભવ વિના મિથ્યાશ્રદ્ધાનથી અનંતવાર નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો પણ પરિભ્રમણનો અંત આવ્યો નથી. કેમ કે એણે પોતાને જોવાનો કદી પ્રયત્ન જ કર્યો નથી. એ તો આ શરીર હું, આ રાગ હું, આ શરીરના રોગ મને છે, આ પુણ્ય-પાપભાવ મારા છે એમ માનીને તેમાં જ રોકાઈ ગયો છે. વિકાર અને પરથી ભિન્ન હું કોણ છું એ એણે કદી શોધ્યું જ નથી.

શ્રોતા :—શરીર અને વિભાવની એકતા કોઈ તોડાવે તો તૂટે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—બીજું કોણ તોડાવે ! જેણે એકતા માની છે તે પોતે તોડે તો તૂટે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપમાં જોડાણ પોતે જ કર્યું છે માટે પોતે એકતા તોડે તો તૂટે. ભગવાન આત્મા તો સિદ્ધ સમાન છે. જેવા અનંત સિદ્ધ છે તેવો જ આ આત્મા છે પણ પોતાના સિદ્ધ સમાન સ્વભાવને ભૂલીને પરભાવમાં એકતા કરી રહ્યો છે.

મિથ્યાત્વવશ જીવને આઠ પ્રકારના મદ હોય છે. મારું કુળ બહુ ઊંચું, મારા માતા-પિતા બહુ ઊંચા કુળના છે, અમે મોટા સંઘના સંઘપતિ છીએ, અમે બહુ સારી વિદ્યા શીખી છે, અમારામાં બહુ બળ છે, અમારું રૂપ અજોડ છે, મારું શાસ્ત્ર ભણતર બહુ છે. એમ અનેક રીતે તે અભિમાન કરે છે પણ જો એક સમય માત્ર પણ ભગવાન જ્ઞાનાનંદમૂર્તિની દૃષ્ટિ અને અનુભવ થાય તો તેને કોઈ પ્રકારનું અભિમાન ન રહે. મોટો ભગવાન 'અહમ્'પણે ભાસ્યો તેને બીજે કયાં અહમ્ આવે ! આત્મામાં અહમ્પણા વિના તપ કરે તો તપનું પણ એને અભિમાન ચડી જાય. અરે ! આત્માના અનુભવ વિના અભિમાનમાં જ એ લૂંટાઈ રહ્યો છે.

છ અનાયતન એટલે અધર્મના સ્થાન-કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને કુદેવને માનનારા અને કુગુરુને માનનારા અને કુશાસ્ત્રને માનનારાને સાચા માનીને મિથ્યાત્વ-વશ જીવે કોઈ કાળ એવો બાકી રાખ્યો નથી કે જેમાં એ જન્મ્યો અને મર્યો ન હોય.

(૪) ભવ પરાવર્તન :—એવો કોઈ ભવ નથી કે જે આ જીવે ધારણ ન કર્યો હોય. અનંતવાર દેવભવ, અનંતવાર નારકીનો ભવ, અનંતવાર રાજા ને અનંતવાર રંકના ભવ, અનંતવાર દરેક પ્રકારના તિર્યંચના ભવ આ જીવે ધારણ કર્યા છે. અનંતવાર શેઠ પણ થયો ને અનંતવાર એવો ભિખારી પણ થયો કે સોવાર માંગે ત્યારે બટકું રોટલો ખાવા મળે.

નારકીમાં આયુષ્યની સ્થિતિ ઓછામાં ઓછી દશ હજાર વર્ષની છે. તે દશ હજાર વર્ષની સ્થિતિએ અનંતવાર જન્મ્યો છે, દશ હજારને એક સમયની સ્થિતિએ અનંતવાર, દશ હજારને બે સમયની સ્થિતિએ અનંતવાર એમ કરતાં કરતાં ૩૩ સાગરોપમની સ્થિતિએ અનંતવાર આ જીવ નરકમાં નારકીના ભવ કરી આવ્યો છે. એ જ રીતે દેવની પણ ઓછામાં ઓછી સ્થિતિ દશ હજાર વર્ષની છે તે સ્થિતિથી માંડીને ૩૧ સાગરની સ્થિતિ સુધીના દેવના ભવ અનંતા ધારણ કર્યા અને છોડયાં છે. એ રીતે જીવે કાળ-પરાવર્તન અનંતા કર્યા છે.

જેમ અનંત ભવ જીવે કર્યા છે તેમ તે ભવમાં જવાને યોગ્ય ભાવ પણ અનંતવાર

જીવે કર્યા છે. એક શું નથી કર્યું ?—કે અખંડાનંદ ભગવાન આત્માને તીર્થંકરદેવે જેવો જોયો એવા આત્માને એણે અનુભવ્યો નથી.

અબજો-અબજો રૂપિયાના બંગલા અને મહિમાની અબજોની પેદાશ હોય એવા રાજાના ભવ પણ એણે અનંતવાર કર્યા છે. અહીં જ્યાં શરીરમાં પીડા થાય ત્યાં એને એમ થઈ જાય કે હવે તો છૂટી જાઉં તો સારું પણ છૂટીને કયાં જવું છે તારે ? બધાં ભવ કરી આવ્યો છો પણ સુખ ને શાંતિ તો કયાંય મળી નથી. તો હવે તેનો ઉપાય કર ને! સમ્યગ્દર્શન એ એક જ તેનો ઉપાય છે. સમ્યગ્દર્શન વિના આવા અનંત અવતાર તેં કર્યા છે.

ખરેખર જીવને ભવનો થાક લાગ્યો નથી. એને ભવના બહારના દુ:ખનો થાક લાગે છે પણ અનુકૂળતા તો ગમે છે. એને ખબર નથી કે અનુકૂળ ગણાતાં એવા દેવના ભવ પણ તે અનંતવાર કર્યા છે. ૩૧ સાગરની સ્થિતિ સુધીના નવમી ગ્રૈવેયિક પર્યંતના અનેક દેવના ભવ પામ્યો પણ મિથ્યાદૃષ્ટિ કદી સુખ પામ્યો નથી. કેમ કે ભવમાં સુખ કયાં હતું ? સમ્યગ્દર્શન થયા પછી પણ અમુક ભવ થાય છે પણ તે માત્ર જાણવાલાયક છે.

ભાવપરાવર્તન :—કોઈ એવો અશુદ્ધભાવ બાકી નથી કે જે મિથ્યાદૃષ્ટિ જીવને ન થયા હોય. અશુદ્ધ એટલે શુભ અને અશુભ બંને ભાવ અશુદ્ધ છે. દરેક ભાવ જીવે અનંતવાર કર્યા છે.

જેમ બારોટ કુટુંબનો ઇતિહાસ બતાવે છે તેમ સર્વજ્ઞ ભગવાન ત્રણકાળ ત્રણ-લોકને જાણનારા બારોટ છે તે તને તારો ઇતિહાસ બતાવે છે કે મિથ્યાદૃષ્ટિપણે તેં કેવા કેવા ભવ અને કેવા ભાવો કર્યા છે. અનંતવાર તું સ્ત્રી થયો, મરીને નરકમાં ગયો, તારો પતિ પણ નરકમાં ગયો, બાપ-દાદા પણ ભવમાં ભટકી રહ્યાં છે. પણ અરે, આને એ કાંઈ ખબર નથી અને અત્યારની જિંદગી જ પોતાનું સર્વસ્વ માનીને પહોળો થઈને વાતો કરે છે. અમારા બાપ-દાદા કાંઈ મૂકીને ગયા નહોતા, અમારી જાતમહેનત અને સૂઝ-બૂઝથી અમે આટલો વૈભવ કમાણા છીએ....વિગેરે...

ભગવાન કહે છે ભ્રમણામાં ભગવાનને ભૂલીને અનંતવાર તેં ભવભ્રમણ કર્યા છે. માટે અભિમાન કરવું રહેવા દે અને ભવથી છૂટવાનો ઉપાય કર! કોઈ અશુદ્ધભાવ બાકી નથી કે જે તેં ન સેવ્યા હોય. અશુદ્ધભાવમાં અનેક જાતના શુભભાવ પણ આવી ગયા. આત્મભાન વિના દયાના ભાવ, કરોડોના ધનના ભાવ, મહાવ્રતના ભાવ આદિ બધાં ભાવ કરી ચૂકયો છો. એવો કોઈ શુભરૂપ અશુદ્ધભાવ બાકી નથી કે જે તેં

અનંતવાર ન કર્યો હોય. નવમી ગ્રૈવેયકે જાય એવા પુણ્ય પણ અનંતવાર કર્યા છે અને સાતમી નરકમાં જાય એવા પાપ પણ અનંતવાર કર્યા છે.

આનંદમૂર્તિ આતમરામના આદર વિના મિથ્યાત્વના આદરવશ કોઈ અશુદ્ધ ભાવ એણે બાકી રાખ્યાં નથી. દરેક જાતના પાપ પરિણામ તો કર્યા પણ રાગની મંદતાવશ શુભ પરિણામ પણ અનેક પ્રકારના કરી ચૂકયો પણ ધર્મ કદી ન થયો. લીલોતરી છોડી, અણુવ્રત પાળ્યા, બ્રહ્મચર્ય લઈ લીધાં પણ એક સમ્યગ્દર્શન પ્રાપ્ત ન કર્યું તેથી ભવભ્રમણ ચાલુ જ રહ્યું.

આ રીતે આ જીવે અનંત પરાવર્તન કર્યા છે. શરીરો બદલ્યાં, ક્ષેત્ર બદલ્યાં, કાળ બદલ્યાં, ભવ બદલ્યાં અને ભાવ બદલ્યાં પણ ભવનો અભાવ કદી થયો નહિ.

આવું જ કથન મોક્ષપાહુડમાં મિથ્યાદષ્ટિના લક્ષણમાં શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે, જે અજ્ઞાની જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરૂપ પરદ્રવ્યમાં લીન થઈ રહ્યો છે તે સાધુના વ્રત ધારણ કરવા છતાં પણ મિથ્યાદષ્ટિ જ છે. જ્ઞાનાવરણી આદિ જડ આઠ કર્મોને મારા માન્યાં, શુભાશુભભાવને મારા માન્યાં, શરીરાદિ સંયોગને મારા માન્યાં પણ પોતાના ભગવાનને ભૂલી ગયો છે તે ભલે પુણ્યભાવમાં લીન થયો હોય પણ સ્વભાવને ઓળખતો નથી તે મિથ્યાદષ્ટિ જ છે. શરીર અને કર્મ તો પરદ્રવ્ય છે પણ શુભાશુભભાવ પણ પરદ્રવ્ય છે. હજારો રાણીને છોડીને સાધુપણું લે પણ પુણ્યપરિણામમાં લીન છે તો તે મિથ્યાદષ્ટિ જ છે. સાધુપણું લીધું પણ સ્વને ભૂલીને શુભમાં જ રોકાયો તો તે પરદ્રવ્યમાં જ લીન છે.

કોઈને પ્રશ્ન થાય કે કર્મ-નોકર્મમાં લીન થાય છે તે તો મિથ્યાદષ્ટિ છે તે બરાબર છે પણ શુભભાવમાં લીન થાય છે તે પણ મિથ્યાદષ્ટિ? હા. જેને પોતાના સત્ચિદાનંદ સ્વભાવનું ભાન નથી, ચૈતન્યની શ્રદ્ધા નથી એવા જીવો સાધુપણું લે અને વ્રત પાળે તોપણ એ વ્રતમાં જ લીન રહે, સ્વભાવને ઓળખીને તેમાં લીન થતો નથી માટે તે મિથ્યાદષ્ટિ જ છે. મારો ભગવાન આત્મા શુભાશુભ રાગથી પણ ભિન્ન છે એવી તેને ખબર જ નથી.

જેને જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા અનુભવમાં આવ્યો નથી એવો મિથ્યાદષ્ટિ આઠ કર્મોને બાંધે છે કે જેનાથી તે દુ:ખી જ થાય છે. મહાવ્રત પાળે એટલે લોકો તો તેને સાધુ જ કહે, કેમ કે, મહાવ્રતની ક્રિયા બરાબર પાળતો હોય-નગ્ન દિગંબર હોય એટલે લોકો મુનિ કહે પણ તે ભાવ તો પોતે રાગ છે અને તેમાં એ લીન છે તેથી જ્ઞાનાવરણાદિ આઠેય કર્મને બાંધે છે.

આ મોટા સાધુપદની વાત કરી એટલે તેના પેટામાં શ્રાવક કે સામાન્ય ગૃહસ્થ આદિ બધાંની વાત આવી જાય છે કે જે પરમાં લીન છે તે બધાં મિથ્યાદૃષ્ટિ જ છે.

પ્રવચનસારમાં પણ આચાર્યદેવે કહ્યું છે કે જે જીવ પરપર્યાયમાં રત છે તે મિથ્યાદૃષ્ટિ જ છે. પુણ્ય-પાપ, શરીર, કર્મ આદિ બધી પરપર્યાય છે તેમાં રત છે અને જ્ઞાનાનંદપ્રભુને ઓળખતો નથી તેને ભગવાને 'પરસમય'—મિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

જાણનાર-દેખનાર ઉપયોગ લક્ષણવાળું મારું આત્મતત્ત્વ છે એમ જાણીને તેમાં ઠરે છે તેને 'સ્વસમય' અર્થાત્ આત્મામાં આવેલો સમકિતી કહેવાય છે. અહીં 'સ્વસમય' એટલે સમ્યગ્દૃષ્ટિ અને 'પરસમય' એટલે મિથ્યાદૃષ્ટિ એમ જ અર્થ લેવાનો છે. જે કોઈ જીવ જ્ઞાનાનંદસ્વરૂપ નિજાત્માની દૃષ્ટિ છોડીને પુણ્ય-પાપમાં લીન વર્તે છે તેને ભગવાને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. કેમ કે તે સ્વ આત્મામાં વર્તતો નથી અને પરમાં વર્તે છે માટે તે પરસમય છે. જેની દૃષ્ટિ જાણવા-દેખવાના લક્ષણવાળા આત્મામાં વર્તે છે તે 'સ્વસમય' અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ છે.

ભગવાન આત્મા અનંતગુણની રાશિ છે તેમાં જેની દૃષ્ટિ પડી છે અને તેમાં જેનું વલણ છે તેને સ્વ અનુભવની દૃષ્ટિ હોવાથી સ્વસમય કહેવાય છે અને જે તેને ભૂલીને પરભાવમાં વર્તે છે તેને પરમાં વસનારો 'પરસમય' મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. સ્વસમય—સમ્યગ્દૃષ્ટિની દશામાં હજુ રાગ છે પણ તેના તરફ તેનું વલણ નથી—રાગમાં તેને રહેવું નથી તેને તો આત્મામાં જ રહેવું છે અને દૃષ્ટિ તો આત્મામાં જ પડી છે માટે તે સ્વસમય છે. પણ જે પરાવલંબી આચરણના ભાવમાં જ વર્તે છે—પરનો જ જેને પ્રેમ છે તે મિથ્યાદૃષ્ટિ છે.

સારાંશ એ છે કે, પરપર્યાયમાં રત છે તે પરસમય છે અને જે આત્મ-સ્વભાવમાં લાગેલાં છે તે સ્વસમય સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ નથી. આત્મજ્ઞાનરૂપી વીતરાગ સમ્યક્ત્વથી પરાન્મુખ જે મિથ્યાત્વ છે તે ત્યાગવાયોગ્ય છે. અહીં બે જ વાત છે: જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માનો અનુભવ તે સમ્યગ્દર્શન અને તેનાથી વિપરીત તે મિથ્યાત્વભાવ છે. સમ્યગ્દર્શનને વીતરાગ સમ્યક્ત્વ કહો કે આત્માની અનુભૂતિ કહો કે પરમાત્માનો અનુભવ કહો કે સ્વની દૃષ્ટિ કહો તે બધી એક જ વાત છે અને તેનાથી વિપરીત પરભાવમાં લીન છે તે મિથ્યાદૃષ્ટિ જ છે.

સમ્યગ્દૃષ્ટિને વીતરાગતા તો હજુ પૂરી નથી છતાં વીતરાગ સમ્યક્ત્વ કહી દીધું! —હા. તેને રાગમાં એકતા નથી, વીતરાગદૃષ્ટિ અને વીતરાગ અનુભૂતિ છે.

'સ્વસંવિત્તિ' શબ્દ છે તેમાં સ્વ એટલે આત્મા અને સંવિત્તિ એટલે જ્ઞાન.

આનંદમૂર્તિ અખંડ ચૈતન્યમૂર્તિને અનુભવ્યો છે તે વીતરાગ સમ્યગ્દૃષ્ટિ છે અને તેનાથી જે પરાન્મુખ છે તે મિથ્યાદૃષ્ટિ છે.

ગાથામાં સરવાળો એ કર્યો કે, આત્મજ્ઞાનરૂપી વીતરાગ સમ્યક્ત્વથી પરાન્મુખ જે મિથ્યાત્વ છે તે ત્યાગવાયોગ્ય છે. જેમાં રાગ-દ્વેષની લીનતા છે—રાગમાં મારાપણારૂપ મિથ્યાત્વભાવ છે તે ત્યાજ્ય છે. પ્રથમ મિથ્યાત્વનો ત્યાગ થાય પછી જ અવ્રતાદિનો ત્યાગ થાય છે. જેટલી જેટલી આત્મામાં લીનતા થાય એટલો રાગનો ત્યાગ થતો જાય છે પણ પ્રથમ મિથ્યાત્વના ત્યાગ વગર રાગનો ત્યાગ થતો જ નથી. માટે સૌ પ્રથમ સ્વભાવના આદરપૂર્વક મિથ્યાત્વભાવનો ત્યાગ કરવો જોઈએ અને આત્માના જ્ઞાનાનંદની સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત કરવી જોઈએ. (ક્રમશઃ)

---

## 卐 ગુરુદેવ કરુણાથી કહે છે 卐

ગુરુદેવ પરમ વાત્સલ્યભરી પ્રેરણાથી કહે છે કે હે ભાઈ! અત્યારે આત્મજ્ઞાન માટેનો આ અવસર છે. તું આ વાત લક્ષમાં તો લે. માંડ આવા ટાણાં મળ્યા છે તેમાં કરવાનું તો આ એક જ છે. અંદરમાં જરા ધીરો થઈ, બહારના કાર્યોનો રસ છોડી, વિચાર કર તો તને જણાશે કે આત્માનો સ્વભાવ અને રાગ બન્ને એક થઈને રહેવા યોગ્ય નથી પણ જુદા પડવા યોગ્ય છે. ભાઈ! સમય સમય કરતાં કાળ તો ચાલ્યો જ જાય છે, તેમાં જો તું સ્વભાવસન્મુખ ન થયો તો તેં શું કર્યું? ગમે તેટલા પ્રયત્ન વડે પણ વિકારથી ભિન્ન ચૈતન્યનો અનુભવ કરવો—તે જ કરવાનું છે. —કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ

# નય-પ્રમાણ-નિક્ષેપનું સાધક-બાધકપણું

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં- ૩૧ )

શ્રી જીવદ્વારનો સાર ચાલે છે. તેમાં આ ત્રીજો ફકરો છે.

આ ભગવાન આત્માને ઓળખવો છે ને! તો તેના દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન કરવું પડશે. દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ સમજ્યા વિના—ઓઘે ઓઘે આત્મા...આત્મા કરવાથી આત્માની ઓળખાણ ન થાય. સ્વભાવ શું છે, વિભાવ શું છે, રત્નત્રય શું છે. એ બધું સમજવું પડશે.

સંપ્રદાયમાં ૭૬ની સાલમાં એક પ્રશ્ન કર્યો હતો કે, 'સામાયિક' છે તે દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય છે!—તો કહે, અમારા ગુરુએ એવું શીખવાડ્યું નથી. ગુરુ ઉપર દોષ નાંખી દીધો!

અહીં કહે છે ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. જીવદ્રવ્યમાં જ્ઞાન, દર્શન, આનંદ વગેરે અનંતા ગુણો છે. જેમ સાકરમાં મીઠાશ, સફેદાઈ આદિ છે તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, સ્વચ્છત્વ, વિભુત્વ આદિ અનંત ગુણો છે અને તેની અવસ્થા તે તેની પર્યાય છે. વસ્તુના દ્રવ્ય, ગુણ, પર્યાયને ઓળખ્યા વગર ગમે તેટલી ક્રિયા કરે પણ શું લાભ થાય? માટે વસ્તુના સ્વરૂપને બરાબર સમજવું. જેમ સોનામાં પીળાશ, ચીકાશ, વજન આદિ ગુણ છે તેમ આત્મામાં ચૈતન્ય, સુખ, વીર્ય આદિ ગુણો છે અને વસ્તુની હાલતને પર્યાય કહે છે.

જીવની પર્યાય કઈ?—કે જીવની નર, નારક, દેવ, તિર્યંચ આદિ તથા રાગ-દ્વેષ, જાણવું-દેખવું આદિ એ જીવની પર્યાય છે. પર્યાયને હાલત, દશા અને અવસ્થા પણ કહેવાય છે. ગુણ એ વસ્તુની ત્રિકાળી શક્તિ છે અને પર્યાય એ વસ્તુની વર્તમાન દશા છે. આવા ગુણ અને પર્યાય વિના વસ્તુ હોતી નથી અને વસ્તુ નામ દ્રવ્ય વિના ગુણ અને પર્યાય હોતા નથી. દ્રવ્ય અને ગુણો ત્રિકાળ રહે છે અને પર્યાય એક સમયની હોય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય એક-બીજા વિના હોતા નથી. માટે દ્રવ્ય અને ગુણ-પર્યાયોમાં અવ્યતિરિક્તભાવ છે. જેમ સોનુ એક વસ્તુ છે તેના પીળાશ, ચીકાશ, વજન આદિ ગુણો અને કડી, કુંડલ, કડા આદિ પર્યાયો સોનાથી જુદી નથી તેમ જીવ એક વસ્તુ છે તેમાં ત્રિકાળી જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ ગુણ છે અને તેની અવસ્થામાં

પોતાના સ્વરૂપનું ભાન ન હોય તો પુણ્ય-પાપ, શરીરાદિને મારા માને છે એ જીવની વિભાવદશા—વિભાવ પર્યાય છે અને પોતાના સ્વરૂપનું ભાન થાય તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ પર્યાય પ્રગટ થાય છે તે જીવની સ્વભાવપર્યાય છે. એ ગુણ નથી પણ પર્યાય છે.

જ્યારે પર્યાયને ગૌણ કરીને દ્રવ્યને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે ત્યારે તેને દ્રવ્યાર્થિકનય કહેવાય છે. તેમાં મુખ્યપણે દ્રવ્યનું જ્ઞાન કરવામાં આવે છે, તે જ્ઞાનમાં દ્રવ્યનું પ્રયોજન મુખ્ય હોય છે. અરે! એણે કદી દ્રવ્યને સમજવાનો પ્રયત્ન કર્યો નથી, રખડવાના ભાવ કર્યા છે.

મુમુક્ષુ :—આત્મા સમજાવવાવાળા ગુરુ ન મળ્યા હોય તો ક્યાંથી કરે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતે સમજવાનો પ્રયત્ન કર્યો નથી તેથી ગુરુ મળ્યા નથી એમ કહેવાય. આમ તો અનંતવાર તીર્થંકર પાસે જઈ આવ્યો છે પણ પોતે ન સમજે ત્યાં બીજા કેવી રીતે સમજાવી શકે. કેમ કે પોતાની અવસ્થાનો પલટો તો પોતે કરે તો થાય; ગુરુ કરી ન શકે. ગુરુ મળે પણ પોતાનો ઉપયોગ જ્યાં ત્યાં ભટકતો હોય તો તત્ત્વ હાથમાં ક્યાંથી આવે! સમજ્યા વિના સાંભળ્યે રાખવાથી પણ પોતાનું હિત થતું નથી.

નિયમસારમાં આવે છે કે જે સહજ પરમ પારિણામિકભાવે રહેલું છે તે દ્રવ્ય છે. અનાદિ અનંત નિત્ય ધ્રુવ વસ્તુને પરમ પારિણામિકભાવ કહ્યો છે અને તેની નિર્મળ અવસ્થા તે પર્યાય છે, તે જીવનો ધર્મ છે તેની તો ખબર ન હોય અને ગરમ પાણી પીવું, ઉપવાસ કરવો, ચોવ્યાર કરવો, કંદમૂળ ન ખાવું તેને ધર્મ માની લે છે. બાપુ! તને ધર્મના સ્વરૂપની જ ખબર નથી.

પારિણામિકભાવમાં સ્થિત અર્થાત્ દ્રવ્યમાં રહેલાં જ્ઞાનાદિ ગુણો તે વસ્તુનો સ્વભાવ છે. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આ ચાર અનંત ચતુષ્ટય તે દ્રવ્યમાં રહેલો સ્વભાવ અનંત ચતુષ્ટયરૂપ ગુણ છે તેને એકરૂપ ગણો તો શુદ્ધ જ્ઞાનચેતનાપરિણામ તે જીવના ગુણ છે. આ બધું સમજવા માટે 'આત્મધર્મ' મંગાવવા જોઈએ. એક ભાઈને પૂછ્યું હતું કે, આત્મધર્મ મંગાવો છો ?—તો કહે ના, એ તો મને બધું આવડે છે. અરે ભાઈ! વિકલ્પ શું છે, જડ શું છે, જીવ શું છે, જાણનાર કેવો છે તે બધું સમજવા માટે 'આત્મધર્મ' છે તેની તો તને ખબર નથી.

ત્રિકાળ વસ્તુ તે સહજ પારિણામિકભાવ છે અને તેમાં રહેલા ગુણો તે તેની ત્રિકાળી શક્તિઓ છે. દ્રવ્ય, ગુણ ધ્રુવ છે. દ્રવ્ય વિના ગુણ ન હોય અને ગુણ વિના

દ્રવ્ય ન હોય. ત્રિકાળી જ્ઞાયકભાવને મુખ્ય કરવો અને પર્યાયને ગૌણ કરવી તે દ્રવ્યાર્થિકનય છે. ત્રિકાળી જ્ઞાયકભાવ તે દ્રવ્ય છે, તે કારણપરમાત્મા છે, તે કારણનિયમ છે અને તે કારણદ્રવ્યનો આશ્રય લઈને થતી નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની અવસ્થા તે કાર્યપર્યાય છે. તે નિયમસાર છે. આ પર્યાય દ્રવ્ય વિના ન હોય અને દ્રવ્ય આવા ગુણ અને પર્યાય વિના ન હોય.

આટલી સ્પષ્ટ વાત થાય છે છતાં કહે મને ઝીણી વાત સમજાતી નથી. અરે, સંસારમાં તો દોઢડાહ્યા થઈને ચક્રવર્તી વ્યાજ કાઢો છો એ તો સંસારમાં રખડવાના ભાવ છે. ભગવાન આત્માનો સ્વભાવ તો ચારગતિનો અભાવ કરવાનો છે. ધર્મમાં પ્રધાન એવા સર્વજ્ઞ ભગવાન ચારગતિનો અંત કરનારા ચક્રવર્તી છે. વસ્તુ તો ત્રિકાળ ચારગતિનાં વિકલ્પનો અભાવ કરવાના સ્વભાવવાળી છે પણ તેની અવસ્થામાં ધર્મ કે અધર્મરૂપ ભાવ હોય છે. અવસ્થા અને ગુણ વિના વસ્તુ ન હોય અને વસ્તુ વિના ગુણ-પર્યાય ન હોય.

ગુણી વિના ગુણ ન હોય અને ગુણ વિના ગુણી વિના ન હોય. અને તે તેની વર્તમાન અવસ્થાથી સહિત જ હોય. પર્યાય વિના દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિના પર્યાય ન હોય. મુખ્યપણે દ્રવ્યનું જ્ઞાન કરવામાં આવે ત્યારે પર્યાય ગૌણ રાખવામાં આવે છે. દ્રવ્ય સામાન્ય છે અને પર્યાય વિશેષ છે. સામાન્યમાં ભેદ હોતા નથી. વિશેષમાં ભેદ હોય છે. સામાન્ય-વિશેષ સ્વરૂપ વસ્તુ છે. પુદ્‌ગલ પણ વસ્તુ છે પણ આ જીવદ્વાર છે તેથી અહીં પુદ્‌ગલની વાત નથી. જીવદ્રવ્યનું જ કથન છે.

પુદ્‌ગલનો નાનામાં નાનો અણુ તે પરમાણુ છે તે જ પુદ્‌ગલ દ્રવ્ય છે. તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ ગુણ છે અને ઠંડી-ગરમ આદિ તેની પર્યાય છે એ પર્યાય અને ગુણ વિના પરમાણુદ્રવ્ય ન હોય અને પરમાણુદ્રવ્ય વિના ગુણ-પર્યાય ન હોય. જે ત્રિકાળ એકરૂપ સદશ...સદશ રહે તે સામાન્ય છે અને તેની અવસ્થાઓ બદલાય છે વિસદશ થાય છે માટે તેને વિશેષ કહેવાય છે.

આવું વસ્તુસ્વરૂપ સમજાવીને કહેવાનું પ્રયોજન એ છે કે પરના કારણે તારી પર્યાય થાય છે એમ નથી અને તારા કારણે પરની પર્યાય થાય છે એમ નથી.

કોઈ માણસ એમ કહે કે, 'મારે ધર્મ કરવો છે' તો તેમાં આટલી વાત સિદ્ધ થાય છે કે, (૧) તેની દશામાં ધર્મ નથી (૨) તેની દશામાં અધર્મ છે (૩) અધર્મ ટાળીને ધર્મદશા પ્રગટ કરવી છે માટે તે પર્યાય છે. કેમ કે ટળવું અને થવું એ પર્યાયનું સ્વરૂપ છે. ગુણમાં ટળવાપણું કે થવાપણું ન હોય. ગુણ તો કાયમ રહે છે. તેમાં ઉત્પાદ-વિનાશ ન હોય.

જીવ સામાન્ય તે દ્રવ્ય છે અને વિશેષ તે તેની દશા છે. જીવનું વિશેષ સ્ત્રી પુત્ર, ધનાદિ નથી. માટે સંયોગમાં સ્ત્રી, પુત્ર, ધનાદિ હોય તે તારા કારણે નથી, તે તેના પોતાના કારણે છે. તું તો તેનાથી જુદી વસ્તુ છો અને તારું વિશેષ તારામાં હોય. પરમાં તારું વિશેષ ન હોય.

આ ભાષા તો બહુ સાદી છે. ભાવ ભલે આકરાં છે પણ ભાષા સાદી છે.

શ્રોતા :—ભાવ તો બહુ આકરાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એણે કદી સમજણપૂર્વક સાંભળ્યું નથી ઓઘે ઓઘે સાંભળે છે તેથી ભાવ આકરાં લાગે છે. એને એમ થાય છે કે આપણે કાંઈક દયા, દાન, ત્યાગાદિ વિશેષ કાર્ય કરીએ તો ધર્મ થાય; પણ ભાઈ! એ તારું વિશેષ કાર્ય નથી. તારી દશામાં વિશેષતા લાવ એ તારું વિશેષ કાર્ય છે.

દ્રવ્ય અને પર્યાયમાં આંતરો એ છે કે, દ્રવ્ય ત્રિકાળ એકરૂપ રહે છે અને પર્યાય હંમેશા પલટતી રહે છે. માટે દ્રવ્ય તે સામાન્ય છે અને પર્યાય તે વિશેષ છે. દ્રવ્ય સદશ રહે છે તેથી કાંઈ પર્યાય સદશ રહે એમ નથી અને પર્યાય બદલે છે માટે દ્રવ્ય પણ બદલે છે એમ નથી. દ્રવ્યનું વિશેષ એ તેની દશા છે અને દશાનું સામાન્ય એ તેનું દ્રવ્ય છે. બીજું કોઈ દ્રવ્ય એ તેનું સામાન્ય નથી. પં. બુદ્ધિલાલે ખુલાસો સારો કર્યો છે. દ્રવ્ય અને પર્યાયમાં આંતરો છે. જીવદ્રવ્ય સામાન્ય અને તેની વિશેષ અવસ્થામાં ફેર છે. બંનેનું સ્વરૂપ એક નથી. બંનેમાં સામાન્ય અને વિશેષનો આંતરો પડે છે.

હવે કહે છે કે, સમજવા માટે નયથી પહેલાં બધું સમજવું પણ તે જ વિકલ્પોમાં રહેવાથી આત્માની પ્રાપ્તિ નહિ થાય. જીવનું સ્વરૂપ નિશ્ચયનયથી ધ્રુવ દ્રવ્ય સામાન્ય છે અને વ્યવહારનયથી પર્યાયરૂપ અને ભેદરૂપ છે. નયોના શુદ્ધ નિશ્ચયનય, અશુદ્ધ નિશ્ચયનય, સદ્‌ભૂત વ્યવહારનય, અસદ્‌ભૂત વ્યવહારનય ઇત્યાદિ ઘણાં ભેદથી વસ્તુસ્વરૂપનો વિચાર થાય છે પણ તેના વિકલ્પ ચિત્તમાં તરંગ પેદા કરે છે. વિકલ્પોમાં રોકાવાથી આત્માની પ્રાપ્તિ નહિ થાય.

દ્રવ્યાર્થિકનયથી વસ્તુ નિત્ય છે, પર્યાયાર્થિકનયથી અનિત્ય છે, ભેદરૂપ છે. એ બધું જેમ છે તેમ બરાબર સમજવું. પણ તેના વિકલ્પોના રાગમાં રોકાવાથી તો આત્માની પ્રાપ્તિ થતી નથી. વ્યવહારરત્નત્રયથી તો આત્માની પ્રાપ્તિ ન થાય પણ નયના આવા વિકલ્પ દ્વારા પણ આત્મા પ્રાપ્ત ન થાય.

શુદ્ધ નિશ્ચયનયથી જુઓ તો આત્મા ત્રિકાળ જ્ઞાયક એક ભાવ છે અને અશુદ્ધ-

નયથી જુઓ તો વિકાર આત્મામાં થાય છે. પોતામાં થાય છે માટે નિશ્ચય છે પણ વિકાર છે માટે તે નયને અશુદ્ધનિશ્ચયનય કહી છે. ગુણ અને ગુણીનો ભેદ પાડવો તે સદ્‌ભૂત વ્યવહાર છે જેમ કે 'આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ગુણો છે.' ગુણોના ભેદ પાડીને વસ્તુનું કથન કરવું તે સદ્‌ભૂત વ્યવહાર છે અને 'આત્મામાં પુણ્ય-પાપ રાગાદિ છે' તે અસદ્‌ભૂત વ્યવહારનું કથન છે. આ જાતના વિકલ્પો પ્રથમ ભૂમિકામાં આવે છે પણ વિકલ્પો મનમાં અનેક તરંગો પેદા કરે છે તેથી મનને વિશ્રામ મળતો નથી. તેથી કહ્યું છે કે નયના કલ્લોલ અનુભવમાં બાધક છે. વિકલ્પના આશ્રયે આત્માનો અનુભવ થતો નથી.

જ્યાં સુધી, વસ્તુ પૂર્ણ છે...પર્યાયમાં અશુદ્ધિ છે...વગેરે વિકલ્પો રહે છે ત્યાં સુધી વસ્તુની પ્રાપ્તિ થતી નથી. વિકલ્પોમાં ડામાડોળ ચાલે છે ત્યાં સુધી ચિત્તને વિશ્રામ ન મળે. પ્રથમ એમ જાણે કે ત્રિકાળ નિત્યાનંદ શુદ્ધ પ્રભુ તે શુદ્ધનિશ્ચયનો વિષય છે અને પર્યાય તે અશુદ્ધ નિશ્ચયનયનો વિષય છે એમ પ્રથમ જાણે પણ એવા ભેદ જાણવામાં જ રોકાય જાય તો સમ્યગ્દર્શન ન થાય. વસ્તુ પોતે પૂર્ણાનંદની મૂર્તિ છે તેના તરફ ઝુકાવ થતાં વિકલ્પોનો આશ્રય રહેતો નથી અને સ્વભાવના આશ્રયમાં સમ્યગ્દર્શન થઈ જાય છે.

જુઓ! જ્ઞાનના અંશોના ભેદમાં રોકાવાથી પણ સમ્યગ્દર્શન થતું નથી તો બહારના દયા, દાન, વ્રત, ભક્તિથી ધર્મ થાય એ કેમ બને! તદ્દન વિપરીત વાત છે. વીતરાગના મારગડા જુદાં છે ભાઈ! એ મારગડા તેં સાંભળ્યા નથી અને ખોટા માર્ગને સાચા માર્ગ માનીને ચાલ્યો છો. ભ્રમણામાં ઊભો છો. ભાઈ! તને ખબર નથી.

"અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ."

શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાનનો અંતર્મુખ થઈને અનુભવ કરવો છે ત્યાં નયના વિકલ્પોમાં રોકાવું બાધક છે. નયના વિકલ્પો અનુભવમાં વિઘ્ન કરનારા છે.

સર્વજ્ઞ ભગવાને આત્માનું વાસ્તવિક સ્વરૂપ કેવું કહ્યું છે તે જાણવા માટે પ્રથમ ભૂમિકામાં નયના વિચાર હોય છે અને તે સ્વભાવ-વિભાવને જુદાં ઓળખવા માટે સહાયક પણ છે પણ તેના તે જ વિચારોમાં રોકાઈ રહે તો અભેદ વસ્તુનો અનુભવ થતો નથી માટે નયના કલ્લોલોને બાધક કહ્યાં છે. જેમ બજારમાં મીઠાઈ લેવા જાય ત્યાં પહેલાં તેનો ભાવ પૂછે, તોલા બરાબર છે કે નહિ તે જુએ, ઘડો કરાવે વગેરે...

બધું હોય પણ જ્યારે મીઠાઈ ખાવા બેસે ત્યારે એ કાંઈ વિચાર ન કરે. મીઠાઈનો સ્વાદ જ લે.

ભગવાન ! તારી મહિમાનો પાર નથી પણ તેની તને સૂઝ પડતી નથી.

મીઠાઈ લેવા જાય ત્યાં સીધો ખાવા માંડે તો વેપારી ખાવા દે ? પહેલાં ભાવ તો પૂછ અને કેટલું લેવું છે એ કહે તો જોખી દઉં પછી ખા એમ કહેશે. તેમ સર્વજ્ઞ ભગવાને કહેલું વસ્તુસ્વરૂપ પહેલાં જ્ઞાનમાં લે અને સમજે કે અજ્ઞાનીઓ જે કહે છે તે સ્વરૂપ ખોટું છે. વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે તે જ સ્વરૂપ સત્ય છે એમ પહેલાં વિચાર સહિત નિર્ણય કરે પછી અનુભવ થાય તેમાં વસ્તુનો સ્વાદ આવે ત્યારે વિકલ્પો રહેતાં નથી.

સ્વાનુભૂતિમાં નય અને નિક્ષેપ હોતા નથી. उदयति नयश्री નય એટલે વસ્તુના એક એક ધર્મને જણાવનારો જ્ઞાનનો અંશ, પ્રમાણ એટલે આખી વસ્તુને બતાવનારું જ્ઞાન અને નિક્ષેપ એટલે જાણવા યોગ્ય ચીજ કે જે નામરૂપે, સ્થાપનારૂપે, દ્રવ્યરૂપે કે ભાવરૂપે છે તે ત્રણેયથી (નય, પ્રમાણ, નિક્ષેપ) વસ્તુનું સ્વરૂપ પહેલાં જ્ઞાનમાં જાણવું જોઈએ.

જેમ અંધારામાં પણ ગોળ ખાય તો ગળ્યો જ લાગે પણ ગોળની જગ્યાએ અંધારામાં ગોબર આવી જાય તો ગળ્યું કયાંથી લાગે ! તેમ વીતરાગે કહેલું તત્ત્વ જેમ છે તેમ પહેલાં બરાબર સમજ્યો હશે તો અનુભવમાં પણ એમ જ આવશે પણ પહેલાં સમજવામાં જ ભૂલ હશે તો વસ્તુનો અનુભવ નહિ થાય માટે પ્રથમ ભગવાને કહેલાં દ્રવ્ય, ગુણ, પર્યાય અને અજ્ઞાનીએ કહેલાં દ્રવ્ય, ગુણ, પર્યાય અને ધર્મના સ્વરૂપમાં શું આંતરો છે તે સમજીને યથાર્થ સ્વરૂપને ગ્રહણ કરવું જોઈએ. કેમ કે એક નાસ્તિક સિવાય આત્માની વાતો તો બધાં ધર્મવાળા કરે છે પણ સર્વજ્ઞ વીતરાગે કહેલાં અનંત જીવો અને તેનું વાસ્તવિક સ્વરૂપ બીજે કયાંય નથી. તે સ્વરૂપને યથાર્થપણે સમજીને હંમેશા તેના વિચાર અને ચિંતવનમાં લાગ્યા રહેવું જોઈએ.

'મને તો આ 'નિશ્ચય-વ્યવહાર' આદિ બધું આવડે છે' એમ માને છે તેને તો આવડતનું અજીર્ણ થઈ ગયું છે. આવડયું તો ત્યારે કહેવાય કે જ્યારે અખંડ નિર્વિકલ્પ આત્માનું જ્ઞાન થાય ત્યારે આવડયું કહેવાય.

અરે ! અનાદિકાળથી નિજ નિધાનના ભાન વિના જીવો દુઃખી થઈ રહ્યા છે. સર્વજ્ઞે કહેલી વસ્તુના ભાન વિના સંપ્રદાયના વાડામાં રહ્યા તે પણ તરસ્યાં ચાલ્યા જાય છે. સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યા રે લોલ...જૈનના વાડામાં રહેલાં પણ તરસ્યા

ચાલ્યા જાય છે. દોડે હાંફે ઝાંઝવા જળની કાજ...વિકલ્પની જાળ એ ઝાંઝવાના પાણી છે. ભાઈ! તેમાં તરસ નહિ છીપે. માટે પ્રથમ નય, નિક્ષેપ અને પ્રમાણથી દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ સમજીને આત્મામાં અંતરમાં જવું.

આહા! આત્માની ધૂન લાગે ત્યારે વારંવાર આત્મા તરફ વલણ રહ્યાં જ કરે. એવી અંતરમાં આત્માની ધૂન લાગે ત્યારે આત્માનો અનુભવ અને સમ્યગ્દર્શન થાય. આવી વાત છે બાપુ! આ જીવ અધિકાર પૂરો થયો.

હવે અજીવ અધિકારનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરે છે.

जीव तत्त्व अधिकार यह, कह्यौ प्रगट समुझाय ।
अब अधिकार अजीवकौ, सुनहु चतुर चित लाय ॥ १ ॥

બનારસીદાસજી કહે છે, જીવનો અધિકાર પ્રગટ સમજાવીને કહ્યો, હવે અજીવ-તત્ત્વનો અધિકાર કહે છે તેને હે વિદ્વાનો! અર્થાત્ ડાહ્યા પુરુષો! મન લગાવીને સાંભળો.

મંગલાચરણમાં ભેદવિજ્ઞાન દ્વારા પ્રાપ્ત પૂર્ણજ્ઞાનને વંદન કરે છે.

परम प्रतीति उपजाय गनधरकीसी,
अंतर अनादिकी विभावता विदारी है ।
भेदग्यान दृष्टिसौं विवेककी सकति साधि,
चेतन अचेतनकी दसा निरवारी है ॥
करमकौ नाश करि अनुभौ अभ्यास धरि,
हिएमैं हरखि निज उद्धता संभारी है ।
अंतराय नास भयौ सुद्ध परकास थयौ,
ग्यानकौ विलास ताकौं वंदना हमारी है ॥ २ ॥

परम प्रतीति उपजाय गनधरकीसी—અનંતગુણધામ. અનંતગુણ વિશ્રામ આત્માની સન્મુખ થઈને અને વિકલ્પથી વિમુખ થઈને જેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યો છે તે પણ કેવો? કે ગણધર જેવો અગાઢ સમ્યક્ત્વ કે જેમાં અજીવથી ભિન્ન જીવસ્વભાવની સન્મુખ થઈને પરમપ્રતીતિ—દઢ શ્રદ્ધાન કર્યું છે. ભગવાન કહે છે માટે આત્મા આવો છે એવી પ્રતીતિ નહિ પણ સ્વસંવેદનથી આત્માના અનુભવપૂર્વક જાગેલી પ્રતીતિ તે ગણધર જેવી છે. ગણધર જેવી દઢ પ્રતીતિ ઉપજી છે અને અનાદિકાળથી

લાગેલ અંતરંગનું મિથ્યાત્વ નષ્ટ કર્યું છે. अंतर अनादिकी विभावता विदारी है માં મિથ્યાત્વને વિભાવતા કહી છે. શ્રીમદ્‌માં પણ આવે છે ને,

કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં સમાય,
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.

આ પદમાં પણ મિથ્યાત્વના અર્થમાં વિભાવ શબ્દ વાપર્યો છે. અનાદિથી પર અને પુણ્ય-પાપભાવ મારા છે અને મને લાભદાયક છે એવો જે મિથ્યાત્વભાવ હતો તેને અંતર આત્મદૃષ્ટિ વડે વિદારી નાંખ્યો છે—વ્યય કર્યો છે અને સમ્યક્ શ્રદ્ધા ઉપજાવી છે. ધ્રુવ તો ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેનો આશ્રય નિરંતર વર્તે છે તેને સમકિતી, જ્ઞાની અથવા ધર્મી કહેવાય છે. [ ક્રમશઃ ]

## * તેનું જીવન પણ પ્રશંસનીય છે *

સંસારમાં રખડતાં રખડતાં અનંતવાર મનુષ્યદેહ પામીને આત્માના ભાન વિના મર્યો, પણ આત્મા શું છે તેની વાત જાણી નથી; કદી આત્માનો યથાર્થ વિચાર પણ કર્યો નથી. તેથી અહીં તેનો મહિમા બતાવતાં કહે છે કે બહારની ચિંતા ટાળીને જેઓ આત્માના સ્વરૂપમાં ઠર્યા છે તેઓ તો કરવા યોગ્ય કાર્ય જ કરી બેઠા છે, તેમની શું વાત! પણ જગતની ચિંતા છોડીને જેને આત્માની ચિંતાની પકડ પણ થઈ કે અહો! મારા આત્માને મેં અનંતકાળથી ઓળખ્યો નથી, અનંતકાળમાં કદી આત્માનું ધ્યાન કર્યું નથી, આત્માને ભૂલીને બાહ્યપદાર્થોની ચિંતામાં જ રખડ્યો છું, માટે સત્સમાગમે આત્માને જાણીને તેનું જ ધ્યાન કરવા યોગ્ય છે,—આવી આત્માની ચિંતાનો પરિગ્રહ કરે—પકડ કરે—તેનું જીવન પણ પ્રશંસનીય છે.

—કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

## 卐 વ્યવહારમૂઢ મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ 卐

[ શ્રી પંચાસ્તિકાય ગાથા–૧૭૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું વર્ણન કર્યું. ચિદાનંદ સ્વભાવના આશ્રયે જે નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટયાં તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, ને ત્યાં સાથે પંચ-મહાવ્રત વગેરેની વૃત્તિ ઊઠે તેને ઉપચારથી વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે પણ જે જીવ આવા મોક્ષમાર્ગને જાણતો નથી ને એકલા વ્યવહારના અવલંબને જ ધર્મ માને છે— એવા મિથ્યાદૃષ્ટિ જીવની વાત હવે કરે છે. નિમિત્તથી વિકાર થાય, ને વિકાર થાય તેટલું મારું સ્વરૂપ છે—એમ અજ્ઞાની જીવ માને છે, તેને અંતરમાં જ્ઞાયક ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ નથી. એવો જીવ ધર્માસ્તિકાય વગેરે પરપદાર્થોને શ્રદ્ધે છે તથા શાસ્ત્રોનું વાંચન-મનન કરે છે તે તો શુભરાગ છે, તેને જ તે મોક્ષમાર્ગ માનીને કલંકિતવૃત્તિવાળો થઈ રહ્યો છે. વળી અનેક પ્રકારના દ્રવ્યલિંગનું અવલંબન કરીને પંચમહાવ્રતના વિકલ્પને ધર્મ માને છે, પણ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ વગર વ્રત હોય જ નહિ. બહિરંગ વ્રત-તપ વગેરે ક્રિયાકાંડના શુભવિકલ્પમાં અજ્ઞાની ધર્મ માને છે, પણ ધ્રુવ સ્વભાવના આશ્રયની લીનતામાં રાગ થતો નથી, ને રાગના નિમિત્તરૂપ પદાર્થોનો સંયોગ પણ છૂટી જાય છે—તેનું તેને ભાન નથી. શરીરની ક્રિયા તો જડના કારણે થાય છે. આહારની ક્રિયા જડના કારણે થાય છે, આત્મા આહારને લાવતો નથી, ને શુદ્ધ આહારને કારણે આત્માને કાંઈ લાભ થાય છે એમ નથી. અજ્ઞાની તો શુદ્ધ આહારમાં જ જાણે કે ધર્મ આવી જતો હોય—એમ માને ને ત્યાં જ ઘણો વખત રોકાય છે, પણ આહાર અને આહાર તરફનો વિકલ્પ--બન્ને હું નહિ, હું તો જ્ઞાનાનંદ સ્વભાવ છું એમ જાણતો નથી. તે જીવ એકાંત વ્યવહારમૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

વળી મિથ્યાત્વભાવને લીધે તે જીવ ધર્મરાગથી પુણ્યક્રિયાની રુચિ કરે છે. પુણ્ય કરતાં કરતાં ધર્મ થઈ જશે—એમ તે જીવ રાગને ધર્મનું સાધન માને છે પણ સ્વભાવ-સાધનને જાણતો નથી. સ્વભાવને જાણીને તેના આશ્રયે ધર્મ પ્રગટ કર્યો હોય તો શુભરાગમાં સાધનનો આરોપ આવે પણ અજ્ઞાની તો શુભરાગમાં જ ધર્મ માને છે તેથી તેને તો શુભરાગમાં ધર્મનો આરોપ પણ આવતો નથી. કોઈ કાળે વ્રતના પરિણામ કરીને તેને ધર્મ માને છે, કોઈવાર શાસ્ત્ર અભ્યાસમાં, કોઈ વાર દયા વગેરેમાં ધર્મ માને છે. સમ્યગ્દર્શનનાં ચાર વ્યવહારલક્ષણ આસ્તિકય-અનુકંપા વગેરે છે, તે શુભભાવ

છે, તે શુભભાવનું આચરણ કરીને અજ્ઞાની તેને ધર્મ માને છે. પરને દેખીને તેના ઉપર અનુકંપા આવે છે. ત્યાં અજ્ઞાની પરના કારણે અનુકંપા માને છે, તે અનુકંપાને પ્રવચનસારમાં દર્શનમોહનું લક્ષણ કહ્યું છે. પરજીવ તેના પોતાના મોહભાવથી દુઃખી થાય છે, કાંઈ સંયોગને લીધે તે જીવ દુઃખી થતો નથી, તેથી બીજો જીવ તેનું દુઃખ મટાડી શકે નહિ, તે જીવ પોતે પોતાનું ભાન કરીને મોહ ટાળે તો તેનું દુઃખ મટે, પરનું દુઃખ મટાડવાની કોઈની શક્તિ ત્રણકાળ ત્રણલોકમાં નથી.—આમ ન જાણતાં અજ્ઞાની જીવ એમ માને છે કે હું પરજીવની અનુકંપા કરીને તેનું દુઃખ મટાડી દઉં, એટલે કે પરની દુઃખપર્યાયને હું ફેરવી દઉં—એમ તે પરનું કર્તાપણું માને છે. જ્ઞાતાદૃષ્ટા સ્વભાવી આત્માનું તેને ભાન નથી, તેથી તેની દયા તે મિથ્યાત્વસહિત છે. તે વ્યવહારાભાસ છે, જ્ઞાયકસ્વરૂપની રુચિ હોવી જોઈએ, તેને બદલે પરને દેખીને અનુકંપાનો ભાવ થવાનું માને છે ને તે અનુકંપાને ધર્મ માને છે તે જીવ મૂઢ વ્યવહારાભાસી છે.

જગતના પદાર્થ સ્વતંત્ર છે, ને તેનું વર્તમાન તેના પોતાના કારણે છે, ત્યાં બીજો જીવ એમ માને કે હું પરપદાર્થની પર્યાયને ફેરવી દઉં—તે તેની ઊંધી માન્યતા છે. તેવી ઊંધી માન્યતાવાળો જીવ ભલે વ્રતી નામ ધરાવે કે મુનિ નામ ધરાવે તોપણ તેને ધર્મ થતો નથી. પરજીવની દયા પાળીને હું તેનું દુઃખ મટાડું એવી માન્યતામાં પોતે પોતાના આત્માની મોટી હિંસા કરી રહ્યો છે તેનું તેને ભાન નથી. છએ દ્રવ્યો પૃથક્ પૃથક્ સ્વભાવે પોતાનું કાર્ય કરી રહ્યો છે, તેને બદલે પરને લીધે હું ને મારે લીધે પર—એમ અજ્ઞાની માને છે. તેને વસ્તુની સ્વતંત્રતાની ખબર નથી, એટલે અનુકંપાના બહાને પણ તે મિથ્યાત્વને સેવે છે. અનુકંપામાં કાંઈક શુભભાવ કરે પણ સાથે મિથ્યાત્વનું ઝેર ભેગું છે, ચિદાનંદસ્વરૂપ આત્માના ભાન વિના એકલી પરની અનુકંપા કરવાનું માને છે તેને નિમિત્તની કે વ્યવહારની પણ ખબર નથી કેમકે પરજીવોને જે દુઃખ છે તે નિમિત્તને કારણે થતું નથી, પણ પોતાની પર્યાયમાં અજ્ઞાનને કારણે દુઃખ છે, તેમ જ પોતાને અનુકંપા થઈ છે તે પર નિમિત્તને કારણે થઈ નથી પણ પોતાના રાગને કારણે થઈ છે.—આમ ઉપાદાન-નિમિત્તને પણ જે સ્વતંત્ર જાણતો નથી, તેને ચિદાનંદ સ્વભાવ રાગથી પણ ભિન્ન છે તેનું ભાન થતું નથી ને તેના વિના ધર્મ કિંચિત્ થતો નથી. અહીં અનુકંપાનો રાગ થયો તે પણ અપરાધ છે, તો તે અપરાધ વડે પરનું કલ્યાણ થાય—એ માન્યતા તો મિથ્યાત્વ છે, તારામાં રાગ થયો તે પણ કલંક છે, તો તે કલંકભાવને આધારે પરજીવ સુખી થઈ જાય—એ કેમ બને? પર જીવ તો તેના પોતાના પરિણામથી બંધાય છે કે મુક્ત થાય છે. સુખી-દુઃખી તેની

પોતાની પર્યાયની યોગ્યતા અનુસાર થાય છે. આ જીવના અધ્યવસાનને આધીન પરજીવની પર્યાય થતી નથી. એ જ પ્રમાણે આહારની શુદ્ધિના આશ્રયે આત્માની પર્યાય થતી નથી. શુદ્ધ આહાર હોય તો મારી પર્યાય સુધરે—એમ માનનાર પણ મૂઢ છે, શુદ્ધતા તો જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે થાય છે—એમ તે જાણતો નથી.

અભવ્ય જીવ પણ વ્યવહારનો પક્ષ કરે છે, સ્વભાવની દૃષ્ટિ વગર વ્રત-તપ પાળે, શાસ્ત્ર ભણે, ક્ષમા રાખે, પણ અંતરમાં સ્વભાવ શું છે તેની રુચિ કરતો નથી. ધર્મી જીવને ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કદી પણ ખસતી નથી. ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ અને અવલંબનથી જ રાગ છૂટે છે, એ સિવાય પરના અવલંબને રાગ ખરેખર છૂટતો નથી. અજ્ઞાની રાગની મંદતા કરીને તેને ધર્મ માને છે. હજી તો પરને કારણે મને વિકાર થાય એવી જેની બુદ્ધિ છે—તેને રાગની મંદતા પણ યથાર્થ હોતી નથી. પરના લક્ષે અજ્ઞાની ક્ષમા રાખે, બ્રહ્મચર્યનો શુભભાવ રાખે, વગેરે શુભપરિણામ કરીને તેને ધર્મ માને છે. પણ અંતરમાં રાગથી પાર શુદ્ધ કારણપરમાત્મા હું છું—એનું તેને ભાન નથી, બ્રહ્માનંદ ચૈતન્ય પ્રભુની દૃષ્ટિ વગર બ્રહ્મચર્ય ક્યાંથી આવશે? ને રાગનો અભાવ ક્યાંથી થશે? વળી અજ્ઞાની ક્યારેક વૈરાગ્યનો વિચાર કરે છે, કે બસ! આપણે તો મોક્ષદશા જ જોઈએ છે! વળી ક્યારેક તે આસ્તિક્યભાવને ધારણ કરે છે કે ભગવાને જોયું છે તેવું જ વસ્તુસ્વરૂપ છે, એમ પરાશ્રયે આસ્તિક્યભાવ કરે છે. પણ જ્ઞાન-સ્વભાવની પ્રતીતિપૂર્વક પોતે જાણતો નથી, એટલે આસ્તિકતા વગેરેનો એકલો શુભરાગ છે, તે એકાંત વ્યવહારાલંબી છે. ભગવાનના વચનમાં શંકા ન કરવી એમ તે કહે છે પણ નિશ્ચયસ્વાશ્રય વિના નિઃશંક આદિ સમકિતનાં આઠ અંગ યથાર્થ હોતા નથી.

રત્નકરંડ શ્રાવકાચારમાં અંજનચોરના નિઃશંક અંગની કથા આવે છે કે તેણે માત્ર શંકા ન કરી તોપણ તેને ધર્મી જીવ તરીકે ગણવામાં આવ્યો અને દોષરહિત વ્યવહાર સમકિતના અંગ પાળે, દ્રવ્યલિંગી મુનિ થઈ ૨૮ મૂળગુણ પાળે, અગિયાર અંગ ભણે, શુકલ લેશ્યા કરી અનંતવાર નવમી ગ્રૈવેયક સુધી ગયો તોય તેને આરાધક ન ગણ્યો. તેનું કારણ શું?

જે જીવ ભવિષ્યમાં સ્વાનુભવથી નિશ્ચય સમ્યક્ત્વાદિ પામી મોક્ષે ગયા તેને પૂર્વના કોઈ એક પ્રકારમાં પછીના સત્યાર્થ ધર્મનો આરોપ કરી ધર્મી કહ્યો. કથાનુયોગમાં તેને નિઃશંકતા વગેરે કહેલ છે, પણ ભવિષ્યમાં જે જીવ સમ્યગ્દર્શન ન પામ્યો હોય એવા જીવના શુભભાવમાં નિઃશંકતા વગેરેનો આરોપ પણ આવતો નથી. સહજ સ્વભાવના અવલંબન વગર ગમે તેટલા દોષ ટાળી વ્યવહારરત્નત્રય પાળે, નવ તત્ત્વમાં

શંકા ન કરે તોપણ તેને ધર્મી ગણ્યો નથી. કેમકે પોતાના શુદ્ધાત્માના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિ ધર્મ થાય છે તેનું તેને ભાન નથી. જે ધર્મ પામી ગયો તેને પૂર્વના નિઃશંકિતાદિ એક વાતનો આરોપ કરી કારણ કહેવાય છે. પણ ધર્મ પામે છે તે તો નિર્વિકલ્પ નિશ્ચય સ્વાશ્રયથી જ પામે છે, તે જ અકાટ્ય નિયમ છે.

કોઈ સ્વદ્રવ્યને આશ્રયે સમ્યક્ત્વ પામે ને કોઈ ચરણાનુયોગ-અપેક્ષાએ વ્યવહાર શુભરાગથી સમ્યક્ત્વાદિ ધર્મ પામે એવું વસ્તુસ્વરૂપ નથી. વર્તમાન રાગના આશ્રયે સમ્યગ્દર્શન પામતો નથી, પણ સ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન પામે છે. આ ત્રણકાળનો અબાધિત સિદ્ધાંત છે કે જ્યારે જ્યારે કોઈપણ જીવ સમ્યગ્દર્શનાદિ પામે છે ત્યારે ત્યારે ચિદાનંદ દ્રવ્યસ્વભાવના આશ્રયે જ તે પામે છે. રાગના આશ્રયે કદી કોઈ જીવ સમ્યગ્દર્શન પામતો નથી. સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન પામ્યો તે જીવને પૂર્વના શુભવિકલ્પમાં નિઃશંકતા વગેરેનો આરોપ કરવામાં આવે છે. સ્વભાવના ભાન વિનાનો એકલો શુભરાગ તો અનંતવાર જીવે કર્યો છે, છતાં સમ્યગ્દર્શન કેમ ન પામ્યો ? કેમકે શુભવિકલ્પના કારણે સમ્યગ્દર્શનાદિ થતાં નથી, જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિ થાય છે.

મુનિનો ઉપદેશ સાંભળી કાગડાનું માંસ ન ખાધું એવા ભીલને કથાનુયોગમાં લીધો અને અજ્ઞાની અનંતવાર માંસાદિ ત્યાગી દ્રવ્યલિંગી મુનિ થયો તેને ગણ્યો નહિ. તેનું કારણ એ કે દ્રવ્યલિંગીને વ્યવહારની રુચિ હતી તેથી તેને શુભમાં આરોપ પણ ન આવ્યો. જેણે સ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરી તેને પૂર્વના રાગમાં આરોપ કરીને ધર્મનું કારણ કહી દીધું.

નિશ્ચય વીતરાગદૃષ્ટિ વિના વ્યવહારનય પણ લાગુ પડે નહિ. અજ્ઞાનીને સ્વભાવના ભાન વિના એકલા શુભરાગનો ઉભરો આવે છે ને વ્રત-પડિમા વગેરે લઈ લયે છે, પણ સ્વભાવનું તો ભાન નથી તો તેના વ્રતાદિને ઉપચારથી પણ ધર્મ કહેતાં નથી.

ધર્મપ્રભાવના, સ્થિતિકરણ, વાત્સલ્ય વગેરેનો શુભરાગ થાય તેને જ અજ્ઞાની ધર્મ માને છે. જેણે પોતાના સ્વભાવનું ભાન કરીને પોતામાં સ્થિતિકરણ કર્યું નથી તે પરને સ્થિતિકરણમાં નિમિત્ત પણ થાય નહિ, ને તેના શુભભાવને તો એકાંત વ્યવહારાભાસ કહેવાય છે. [ ક્રમશઃ ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આત્માની શુદ્ધતા થતાં સમ્યગ્દષ્ટિને નિઃશંકાદિ આઠ ગુણો હોય છે તેની વાત કરે છે. આત્માના અહિંસા ધર્મમાં આ આઠ ગુણોનો સમાવેશ કરેલો છે.

જગતમાં કેટલાક લોકો શંકામાં ડામાડોળ હોય છે, પણ સમ્યગ્દષ્ટિને એવી શંકા હોતી નથી. કોઈ તો અહિંસામાં ધર્મ માને છે. યજ્ઞમાં પુણ્ય થતું હશે કે ધર્મ થતો હશે ?—એવી શંકા જ્ઞાનીને થતી નથી. આત્મા અકષાયસ્વરૂપી છે. પ્રાણીને મારવાનો ભાવ તે હિંસા છે. એનાથી રહિત પોતાનું સ્વરૂપ છે, એમ માનવું તે અહિંસા છે. એવી નિઃશંકતા થવી તે દયાધર્મ છે. પોતાની નબળાઈના કારણે શુભભાવ થાય તેને પણ જ્ઞાની ધર્મ માનતો નથી.

આત્મામાં અકષાયભાવ થતાં બહારમાં નગ્નપણું હોય છે. એની મુક્તિ થતી હશે ? કે અન્યમતી નગ્ન થઈ જંગલમાં રહેતા હોય એની મુક્તિ થતી હશે ? એવી શંકા સમ્યગ્દષ્ટિને હોતી નથી. વળી જૈનમાં દિગંબરની મુક્તિ થતી હશે કે શ્વેતામ્બરની મુક્તિ થતી હશે ? એવી શંકા કરવી તેને પણ અહીં હિંસા કહેલ છે. આત્મામાં ત્રણ કષાય રહિત પરિણામ થાય ત્યારે શરીરમાં નગ્નપણું આદિ હોય છે. હવે જેને વસ્ત્ર-પાત્રાદિ હોય, અને ત્રણ કષાયરહિત પરિણામ હોતા નથી તેની પણ મુક્તિ થાય એમ માને તો રાગમાં ધર્મ માન્યો—તેને અહીં હિંસા કહે છે. રાગવાળી દશાને મુનિપણું માનવું તે મિથ્યાદષ્ટિ છે. મુનિને વસ્ત્ર-પાત્રાદિનો રાગ હોતો નથી.

જુઓ, આ સ્વામી કાર્તિકેયનું લખેલું શાસ્ત્ર છે. શ્રીમદ્ રાજચંદ્રે એમનાં વખાણ કર્યાં છે અને જયચંદ પંડિતે એનો ભાવાર્થ ભર્યો છે. તેમાં કહે છે કે શ્વેતામ્બરસાધુ પણ છે અને દિગંબરસાધુ પણ સાધુ છે—એમ જે માને તે મુનિપણાની પર્યાયને પણ સમજતો નથી. વસ્ત્ર-પાત્રાદિ રાખવાનો ભાવ તે રાગનું ચિહ્ન છે, પણ વીતરાગતાનું ચિહ્ન નથી. રાગ અને વીતરાગ બન્ને પ્રકારને સરખા માનવા તે નિઃશંકપણું નથી.

વળી પૂર્ણ વીતરાગદશા થઈ હોય તેને તીવ્ર અશાતાનો ઉદય હોતો નથી કે જેથી તેઓ આહાર લે. કવળાહાર તો તીવ્ર અશાતામાં જોડાણ થતાં રાગ થતાં જ થાય છે. તો જેણે ભગવાનને કવળાહાર માન્યો તેણે ભગવાનમાં વીતરાગતા માની નહિ,

એટલે કે રાગવાળી દશા માની. તેને અહીં હિંસા કહે છે. સ્રીને ત્રણ કષાયનો અભાવ થતો જ નથી તો સ્રીને કેવળજ્ઞાન થાય એમ કદી બનતું નથી. બે કષાયના નાશમાં ત્રણ કષાયનો નાશ અને સર્વથા અકષાયપણું બતાવે તે રાગમાં વીતરાગમાં બતાવે છે, તે પણ હિંસા છે. જે કષાયરહિત થયેલ નથી તેને કષાયરહિત માનવો તે મિથ્યાદષ્ટિ છે. સ્રીનો દેહ છે માટે અકષાય પરિણામ થતા નથી—એમ નથી પણ એ જીવની એવી જ યોગ્યતા છે, સ્રીને મુનિદશા ત્રણકાળમાં હોતી નથી. એમાં શંકા કરવી તે હિંસા છે.

કોઈ કહે કે આપણે ઉદારતા બતાવવી જોઈએ, પણ કોઈને ઘેર ગયા હોઈએ અને એને ત્યાં માંસની કઢી કરી હોય ને તે આપણને આગ્રહ કરે તો શું આપણે ઉદારતા બતાવી તે ખાઈ લેવી જોઈએ? નહિ જ, એ કાંઈ ઉદારતા કહેવાય નહિ. ઉદારતા તો સત્ય અને અસત્યનો વિવેક કરવો તે છે. અવિવેકને ઉદારતા માનવી તે મિથ્યાદષ્ટિ કંજુસ છે. વ્યવહારથી ધર્મ ન થાય અને નિશ્ચયથી જ ધર્મ થાય એવો ભગવાનનો માર્ગ છે. એ અનેકાંતમાર્ગમાં શંકા કરે તેને અહીં હિંસા કહી છે. આત્મા અકષાય સ્વરૂપ છે, એમાં જે નિ:શંક છે તે અહિંસા ધર્મ છે. એમાં ક્રમબદ્ધ-પર્યાયની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, છ દ્રવ્ય, પંચાસ્તિકાયની શ્રદ્ધા વગેરે આવી જાય છે. જેમ છે તેમ માને તો નિ:શંક થવાય છે. મધ્યસ્થ થઈને વિચારવાની આ વાત છે. જગત સાથે સંબંધ નથી. ભગવાનની વાણીમાં તો અનેક પ્રકારનાં કથનો આવે છે. માટે તેનો યથાર્થ નિર્ણય કરવો તે જ દયાધર્મ છે.

दयभावो वि य धम्मो हिंसाभावो ण भण्णदे धम्मो
इदि संदेहाभावो णिस्संका णिम्मला होदि ॥ ४१५ ॥

અર્થ :—નિશ્ચયથી દયાભાવ જ ધર્મ છે પણ હિંસાભાવને ધર્મ કહી શકાય નહિ આવો નિશ્ચય થતાં સંદેહનો અભાવ થાય તે જ નિર્મલ નિ:શંકિતગુણ છે.

ભાવાર્થ :—અન્યમતીએ માનેલું જે વિપરીત દેવ-ધર્મ-ગુરુનો વા તત્ત્વના સ્વરૂપનો સર્વથા નિષેધ કરી જિનમતમાં કહેલું શ્રદ્ધાન કરવું તે નિ:શંકિતગુણ છે. જ્યાં સુધી શંકા રહે ત્યાં સુધી શ્રદ્ધાન નિર્મળ થાય નહિ.

અકષાયભાવ તે દયા છે. ચોથા કે પાંચમા ગુણસ્થાને તે તે ભૂમિકાને યોગ્ય જેટલો અકષાયભાવ પ્રગટ્યો હોય તે અહિંસા છે. પણ રાગથી લાભ માને તો તે હિંસા છે. મિથ્યાદષ્ટિને સંદેહ હોય છે, જ્ઞાનીને સંદેહ નથી. કોઈ ઓછા કષાયમાં અકષાયપણું માને છે પણ એ ધર્મ નથી, એમ નિ:શંકપણે માનવું જોઈએ.

આજે ઉત્તમ આર્જવધર્મનો દિવસ છે, એટલે કે ધર્મમાં કુટિલતા વક્રતા થવા

હોવી જોઈએ નહિ. આત્માનો જ્ઞાનસ્વભાવ છે. જ્ઞેયને જાણીને કુટિલતા ન થવા દેવી તે સરળતાધર્મ છે. આત્માનો આર્ય સ્વભાવ છે. એમાં દંભનો અભાવ છે, તેથી સમ્યગ્દષ્ટિને કુટિલતાનો અભાવ હોય છે. મિથ્યાદષ્ટિને કુટિલતાનો યથાર્થ અભાવ થતો નથી. મિથ્યાત્વનો ત્યાગ તે જ કુટિલતાનો ત્યાગ છે અને તે સરળતાધર્મ છે.

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં શ્રી અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે કે ઉત્તમ ક્ષમાદિ ધર્મની પ્રધાનતા મુનિને હોય છે. પણ આત્માના ભાન સહિત શ્રાવકને પણ અંશે તે ક્ષમાદિધર્મ હોય છે. જેટલા પ્રકાર ધર્મના વર્ણવ્યા છે તેટલા અંશે શ્રાવકને પણ તે હોય છે.

હવે આગળ નિઃકાંક્ષિત ગુણ કહે છે :—

जो सग्गसुहणिमित्तं धम्मं णायरदि दुसहतवेहिं ।
मोक्खं समीहमाणो णिक्कंक्खा जायदे तस्स ॥ ४१६ ॥

અર્થ :—જે સમ્યગ્દષ્ટિ, દુર્ધરતપ કરવા છતાં પણ સ્વર્ગનાં સુખોને માટે ધર્મ આચરતો નથી તેને નિ:કાંક્ષિતગુણ હોય છે. કેવા છે તે? એ દુર્ધરતપ કરી માત્ર એક મોક્ષને જ વાંછે છે.

બાર બાર મહિનાના ઉપવાસ કરે પણ પુણ્યની ઇચ્છા ધર્મીને હોતી નથી. કેમકે પુણ્યની ઇચ્છા મિથ્યાદષ્ટિને થાય છે, પુણ્યની ઇચ્છાવાળાને ભોગની ઇચ્છા છે. માટે સમ્યગ્દષ્ટિને પુણ્યની ઇચ્છા નથી. તે તો અંતરસ્વભાવમાં લીન છે. ધર્મીને મોક્ષની ઇચ્છા છે એમ કહેવું તે પણ વ્યવહારથી છે કેમકે ઇચ્છા તો રાગ છે, ને ધર્મીને રાગની ભાવના હોતી નથી. સ્વર્ગની ઇચ્છા નથી તે બતાવવા મોક્ષની ઇચ્છા છે એમ કહેલ છે. કોઈ પણ પ્રકારની ઇચ્છા ન થવી તે નિ:કાંક્ષિતગુણ છે અને તે દયાધર્મ છે. રાગ રહિત પરિણામ તે અહિંસા છે અને ચૈતન્ય સ્વભાવને ચૂકીને રાગની રુચિ થવી તે જ હિંસા છે. હિંસા કે અહિંસા બહારમાં નથી. અહીં નિ:શંકાદિ આઠે ગુણોને અહિંસામાં ઉતાર્યા છે.

ભાવાર્થ:—જે માત્ર એક મોક્ષાભિલાષાથી જ ધર્મનું આચરણ કરે છે—દુર્ધરતપ કરે છે પણ સ્વર્ગાદિનાં સુખોને વાંછતો નથી તેને નિઃકાંક્ષિતગુણ હોય છે.

જે પોતાના ભાવમાં રમે છે તે પરની ઇચ્છા કરતો નથી માટે તે નિ:કાંક્ષિત છે. રાગની ઇચ્છા કરી રાગમાં ધર્મ માન્યો તે હિંસાધર્મી છે. જ્ઞાનીને રાગ હોય ખરો પણ તેને રાગની રુચિ હોતી નથી. દયાદાનાદિની ભાવના પણ તેને હોતી નથી. એની ભાવના કરે તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે. તે પણ હિંસા છે.

આગળ નિર્વિચિકિત્સાગુણ કહે છે—

दहविहधम्मजुदाणं सहावदुग्गंधअसुइदेहेसु ।
जं णिंदणं ण कीरदि णिव्विदिगिंछागुणो सो हु ॥ ४१७ ॥

અર્થ:—પ્રથમ તો દેહનો સ્વભાવ જ દુર્ગંધ-અશુચિમય છે અને બહારમાં સ્નાનાદિ સંસ્કારના અભાવથી વધારે અશુચિ દુર્ગંધરૂપ દેખાય છે એવા દસ પ્રકારના યતિધર્મ સંયુક્ત મુનિરાજના દેહને દેખીને તેમની અવજ્ઞા ન કરે તે નિર્વિચિકિત્સાગુણ છે.

શરીરનો સ્વભાવ અપવિત્ર છે. મુનિ પોતાના ઉત્તમક્ષમાદિ ધર્મમાં ઝૂલતા હોય છે. તેમના શરીરમાં મેલ આદિ દેખીને જે મુનિનો અનાદર કરે તે હિંસાધર્મી છે એમ અહીં કહે છે. મુનિ કમંડળ રાખે છે પણ તે તો માત્ર અશુચિ ટાળવા માટે હોય છે. મુનિ સ્નાન કરતા નથી. તેથી શરીરમાં મેલાદિ હોય તે દેખીને કોઈ કહે કે મુનિ સ્નાન કરતા હોય તો ઠીક! તો તે રાગની પ્રશંસા કરે છે ને અરાગી પરિણામની દુગંછા કરે છે. માટે તે જીવને અરાગી પરિણામની ખબર નથી.

ભાવાર્થ:—સમ્યગ્દષ્ટિ પુરુષની દૃષ્ટિ મુખ્યપણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપગુણો ઉપર પડે છે, દેહ તો સ્વભાવથી જ અશુચિ-દુર્ગંધરૂપ છે તેથી મુનિરાજના દેહ તરફ શું દેખે? તેના રત્નત્રય તરફ દેખે તો ગ્લાનિ શી રીતે આવે? એ ગ્લાનિ ન ઉપજાવવી તે જ નિર્વિચિકિત્સાગુણ છે. પણ જેને સમ્યક્ત્વગુણ પ્રધાન નથી તેની દૃષ્ટિ પહેલી દેહ ઉપર પડતાં જ તેને ગ્લાનિ ઉપજે છે અને ત્યારે આ ગુણ તેને નથી એમ સમજવું.

જ્ઞાની શરીરના સ્વભાવને જાણે ખરો પણ તેની દૃષ્ટિ ગુણો ઉપર હોવાથી તેની મુખ્યતામાં શરીરની મુખ્યતા તેને હોતી નથી તેથી મુનિના શરીરની અશુચિથી તેને ગ્લાનિ થતી નથી. આત્માની વીતરાગદશા પ્રગટી છે તેની દૃષ્ટિવાળાને અશુચિની ગ્લાનિ થતી નથી.

भयलज्जालाहादो हिंसारंभो ण मण्णदे धम्मो ।
जो जिणवयणे लीणो अमूढदिट्ठी हवे सो हु ॥ ४१८ ॥

અર્થ:—જે ભયથી, લજ્જાથી તથા લાભથી પણ હિંસાના આરંભને ધર્મ ન માને તે પુરુષ અમૂઢદૃષ્ટિગુણ સંયુક્ત છે. કેવો છે તે? જિનવચનમાં લીન છે, ભગવાને 'અહિંસાને જ ધર્મ કહ્યો છે' એવી દૃઢશ્રદ્ધાયુક્ત છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ જગતના કોઈ પણ ભયથી હિંસામાં ધર્મ માને નહિ અને રાગમાં પણ ધર્મ માને નહિ. રાગ ટળ્યો ન હોય છતાં રાગ ટળી ગયો છે—એમ

માની રાગમાં ધર્મ મનાવતા હોય તે હિંસામાં ધર્મ માને છે, જ્ઞાની એમાં ધર્મ માનતો નથી. જ્ઞાની અકષાય પરિણામમાં જ ધર્મ માને છે, એવી તેની દૃઢ શ્રદ્ધા છે.

ભાવાર્થ:—અન્યમતીઓ યજ્ઞાદિક હિંસામાં ધર્મ સ્થાપે છે. તેને રાજાના ભયથી, કોઈ વ્યંતરના ભયથી, લોકની લજ્જાથી, વા કોઈ ધનાદિના લોભથી ઇત્યાદિ અનેક કારણથી પણ ધર્મ ન માને, પરંતુ એવી શ્રદ્ધા રાખે કે 'ધર્મ તો ભગવાને અહિંસાને જ કહ્યો છે,' તેને અમૂઢદૃષ્ટિગુણ કહે છે. અહીં હિંસારંભ કહેવાથી હિંસાના પ્રરૂપક દેવ-શાસ્ત્ર-ગુરુ આદિમાં પણ મૂઢદૃષ્ટિવાન ન થાય, એમ સમજવું.

ભગવાનના પંચકલ્યાણકાદિમાં યજ્ઞ હોય છે એની અહીં વાત નથી. કેમકે ત્યાં શુભભાવની પ્રધાનતા છે. તે શ્રાવકનો ધર્મ છે. ભગવાન ઋષભદેવ અષ્ટાપદ ઉપર મોક્ષ પધાર્યા ત્યારે સાથે ગણધર અને મુનિઓ પણ મોક્ષ પધાર્યા હતા. તે વખતે ઇન્દ્રો આવીને યજ્ઞ કરીને પૂજા કરે છે ત્યાં અગ્નિમાં કેવળજ્ઞાનનો આરોપ કરે છે. એમાં શુભભાવની મુખ્યતા હોવા છતાં જેટલો અકષાયભાવ છે તેટલો તો ધર્મ છે. રાગમાં અરાગપણું મનાવે છે તેવા દેવ-ગુરુ-શાસ્ત્રમાં જ્ઞાની મૂઢદૃષ્ટિ થવા દેતો નથી. કુદેવાદિમાં અનુમોદન તે હિંસાભાવ છે. જે એવો મૂઢભાવ થવા દેતો નથી તે અહિંસાધર્મ છે.

( ક્રમશઃ )

—*—

[ વૈરાગ્ય અને પુરુષાર્થ......અનુસંધાન ૨૭નું ચાલુ ]

સુમતિ આર્યિકા પાસે દીક્ષા લીધી અને કઠોર તપશ્ચર્યા કરી અંતમાં સંલ્લેખના કરી શરીર છોડી અચ્યુત સ્વર્ગમાં દેવ પર્યાય ધારણ કરી. (અંતમાં મોક્ષ જશે).

આ રીતે ઘોર પાપો કરનારા જીવો પણ જિનધર્મનું શરણ લેતાં—શાશ્વત સુખ—મોક્ષલક્ષ્મીને વરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે તેમ ઘોર વિકારભાવો પણ આત્માની ઉપર ઉપર તરે છે, સ્વપ્ન સમાન અત્યંત ક્ષણભંગુર છે, નટના સ્વાંગોની જેમ ક્ષણિક સ્વાંગરૂપ હોવાથી અંદર પેસતાં નથી. આત્માની શક્તિ સામર્થ્ય તો સદા શુદ્ધ જ છે. એ શુદ્ધ પરમેશ્વર શક્તિનો વિશ્વાસ કરતાં, સ્વાનુભૂતિ કરતાં, પર્યાયમાં સાક્ષાત્ પરમેશ્વર થઈ જાય છે. આવું આશ્ચર્યકારી અદ્‌ભુત આત્માનું સ્વરૂપ છે તેમ પૂજ્ય ગુરુદેવ ફરમાવી રહ્યા છે.

( સંપૂર્ણ )

# વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ

( અશોક-રોહિણીની કથા-વાસુપૂજ્ય ભગવાનના ગણધર અમૃતાશ્રવની કથા )

[ ગતાંકથી ચાલુ ]

તે માટે અનેક રાજકુમારો આવેલ હતા પણ કોઈથી ચંદ્રવેધ થઈ શકયો નહિ. તે પછી અર્કકીર્તિએ આવીને ચંદ્રવેધનું ભેદન કર્યું. તેથી રાજાએ પ્રતિજ્ઞા અનુસાર આઠેય રાજકન્યાઓને અર્કકીર્તિ સાથે લગ્ન કરી આપ્યું અને કેટલોક વખત અર્કકીર્તિ સ્વસુરને ત્યાં રહ્યાં.

એક વખત અર્કકીર્તિએ ઉપવાસ કરી જિનમંદિરમાં ભગવાનની પૂજા કરી અને રાત્રીના મંદિરમાં સૂઈ ગયેલ ત્યારે સિમલેખા નામની વિદ્યાધરી આવી અને નિદ્રાધીન કુમારને લઈને વિજયાર્ધ પર્વત ઉપરના જિનમંદિરમાં છોડી ગઈ. જ્યારે અર્કકીર્તિ જાગૃત થયો ત્યારે પોતાને વિજયાર્ધના જિનમંદિરમાં છે તેમ જાણી ત્યાંના મંદિરમાં દર્શન કરવા જતાં તેના પુણ્ય પ્રભાવથી વજ્રમય કમાડ ખુલી ગયા. તેને પુણ્યવંત જાણીને ત્યાંના રાજસેવક રાજાની પાસે લઈ ગયા અને રાજાએ તેનું સ્વાગત કરીને પોતાની વિતશોકા નામની પ્રિય પુત્રી પરણાવી અને તેની બીજી ૩૧ કન્યાઓ પણ પરણાવી. કુમાર પાંચ વર્ષ ત્યાં સુખપૂર્વક રહ્યો.

એક દિવસ પિતાની યાદ આવતાં પોતાના વતન જવા નીકળ્યા. રસ્તામાં અંજનગિરિ નામના નગરમાં પહોંચ્યાં. ત્યાં ગાંડા થયેલ હાથીને વશ કરી ત્યાંના રાજાની આઠ કન્યાઓ પોતાના પરાક્રમથી પરણીને પોતાની પુંડરીકીણી નગરીમાં આવ્યા અને એક દિવસ કુમાર અર્કકીર્તિએ નટીનું રૂપ કરીને પિતાની સભામાં જઈને લોકોના મનને આશ્ચર્ય કરે તેવું નૃત્ય કર્યું અને તે પછી પિતાજીની સાથે યુદ્ધ કરવા ગાયોને ઘેરી લીધી. તેથી રાજાએ ગાયો છોડાવવા યુદ્ધ કર્યું. પિતા-પુત્ર સામસામે લડી રહ્યા છે પરંતુ અનેક જીવોનો ઘાત થતો જોઈ કુમારે પોતાનું નામ લખીને પિતાને બાણ મોકલ્યું. તે જોઈ, પત્ર વાંચી, પિતાનું હૃદય આનંદથી ભરાઈ ગયું અને પિતા-પુત્ર બન્ને એક બીજાને ખૂબ જ સ્નેહથી મળ્યા, ક્ષેમકુશળ પૂછયા અને આનંદથી રાજભવનમાં ગયા.

મહારાજ વિમલકીર્તિએ પોતાના પુત્રના આગમનના હર્ષમાં ઇચ્છા અનુસાર દાન આપ્યું અને પોત.ના વિજયી પ્રિયપુત્ર અર્કકીર્તિને રાજ્યલક્ષ્મી સમર્પિત કરી

અને પોતે શ્રીધર મુનિ પાસે જિનદીક્ષા અંગીકાર કરીને કઠીન તપશ્ચર્યા કરીને અંતમાં નિર્વાણ પધાર્યાં.

કુમાર અર્કકીર્તિએ ક્રમ ક્રમથી ચક્રવર્તીની વિભૂતિ પ્રાપ્ત કરીને આનંદથી સામ્રાજયમાં રહ્યા. એક દિવસ સંસારની ક્ષણભંગુરતાનો પ્રસંગ દેખીને બહુ જ વૈરાગ્ય થતાં પોતાના પુત્રને રાજયભાર સોંપીને જિનદીક્ષા લઈને ઉગ્ર તપશ્ચર્યા કરી, અંત સમયે સંલ્લેખના કરી, શરીર છોડી ૨૨ સાગરની સ્થિતિએ અચ્યુત સ્વર્ગમાં દેવ થયા.

પૂતિગંધાએ પણ શ્રાવકોના વ્રતનું પાલન કરી તથા રોહિણીવ્રતના પાલનથી સમાધિ-મરણ કરી અચ્યુત સ્વર્ગમાં પંદર પલ્યોપમની સ્થિતિએ પૂર્વના અર્કકીર્તિ-કુમાર જે દેવ થયા છે તેની મહાદેવી થઈ અને તેની સાથે મનોવાંછીત ભોગ ભોગવ્યા અને ત્યાંથી ચ્યુત થઈને અશોકકુમાર તરીકે જન્મ થયો અને પહેલાં ભવની પૂતિગંધા સ્વર્ગમાંથી ચ્યવીને ચંપાનગરીના મઘવા રાજાની રોહિણી નામની પુત્રી થઈ જે તમારી પાસે જ બેઠી છે.

રાજા અશોક રૂપ્યકુંભ મુનિરાજ પાસેથી પોતાના ભવાંતરો સાંભળી બહુ જ સંતુષ્ટ થયા અને રાણી રોહિણી પણ પૂર્વભવો સાંભળી પ્રસન્ન થઈ મુનિરાજને ભક્તિ-પૂર્વક પ્રણામ કરી અશોક વિગેરે સૌ હસ્તિનાપુર આવી ગયા. એક દિવસની વાત છે કે રાજારાણી સિંહાસન પર બેઠા હતા એવામાં રોહિણીએ અશોકના કાન પાસે સફેદ ચમકતો વાળ દેખ્યો અને તે વાળ તોડીને અશોકના હાથમાં આપ્યો. સફેદ વાળ જોઈને અશોકને એકદમ વૈરાગ્ય જાગૃત થયો ને શરીર-ભોગ-સંસારની નિંદા કરવા લાગ્યા. એ જ વખતે વનપાલે આવીને રાજાને કહ્યું કે રાજન! ભગવાન વાસુપૂજ્ય આપના ઉદ્યાનમાં પધારેલ છે. રાજાએ આ સુખદ સમાચાર સાંભળી સિંહાસનથી ઉતરી ભગવાનની દિશામાં નમસ્કાર કર્યાં, વનપાળને ઈનામ આપ્યું, આનંદની સાથે સંપૂર્ણ નગરમાં ઢોલ ટીપાવી ભગવાન પધાર્યાંની સૂચના આપી.

રાજા અશોકે સંપૂર્ણ રાજયલક્ષ્મી લોકપાલકુમારને આપી અને વાસુપૂજ્ય ભગવાનના સમવસરણમાં પહોંચ્યા. ભગવાનને ત્રણ પ્રદક્ષિણા કરી ભક્તિપૂર્વક નમસ્કાર કરી જિનદીક્ષા અંગીકાર કરી વાસુપૂજ્ય ભગવાનના ગણધર થયા. ઉગ્ર તપશ્ચર્યા કરી અંતમાં સમસ્ત કર્મનો નાશ કરીને નિર્વાણધામ પધાર્યા.

મહારાણી રોહિણીએ પણ સમસ્ત પરિગ્રહ છોડી ભગવાનને નમસ્કાર કરી

[ અનુસંધાન પાનું ૨૫ ઉપર ]

[તા. ૮-૧૨-૯૪]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર–દર્શન-પૂજા

સવારે ૮–૩૦ થી ૯–૩૦ : શ્રી પંચાસ્તિકાય પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ–પ્રવચન

સવારે ૯–૪૫ થી ૧૦–૪૫ : પુરુષો માટે શિક્ષણવર્ગ

બપોરે ૩–૦૦ થી ૪–૦૦ : શ્રી નિયમસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્રવાંચન

બપોરે પ્રવચન બાદ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪–૧૫ થી ૫–૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭–૩૦ થી ૮–૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી 'શ્રી સમયસાર નાટક' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

* માગશર વદ ૮, સોમવાર તા. ૨૬–૧૨–૯૪ના રોજ આપણા પરમોપકારી, મહાવીર-અધ્યાત્મમાર્ગસ્થંભ, પરમ પૂજ્ય શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવના 'આચાર્ય-પદારોહણ'ની વાર્ષિક જયંતી છે. આ પ્રસંગ, આપણા કુન્દકુન્દભારતી સુપુત્ર આ૦ પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ શાહ દ્વારા શ્રી સમવસરણ મંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

* ધાર્મિક શિક્ષણવર્ગ :—ડિસેમ્બર માસની રજાઓમાં તા. ૨૪–૧૨–૯૪, શનિવારથી તા. ૨–૧–૯૪, સોમવાર સુધી—દસ દિવસનો ધાર્મિક શિક્ષણાર્થીઓ માટે આવાસ–ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

# જ્ઞા....ન....ગો....ષ્ઠી

(પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્દગારો)

* જેમ સિંહ એક ત્રાડ નાખે ત્યાં બકરાંના ટોળાં ભાગી જાય તેમ ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં અંદરથી જાગીને ગર્જના કરે ત્યાં વિકલ્પરૂપ બકરાંના ટોળા ભાગે ને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ થાય એવો તુ મહાન છો.

* આહાહા! આઠ આઠ વર્ષના રાજકુમારોને વૈરાગ્ય થઈ જતાં, સ્વરૂપની ઉગ્ર સાધના કરવા વનમાં જવા માતાની પાસે રજા માગે છે કે હે માતા! આ દુઃખમય સંસારથી હવે અમે છૂટવા માગીએ છીએ, અમને આ રાજપાટના ભોગમાં કયાંય ચેન પડતું નથી માટે સ્વરૂપની સાધના કરવા વનમાં જવાની-દીક્ષા લેવાની રજા આપ! હવે ફરી સંસારમાં અમારે આવવું નથી ને બીજી માતાને રોવડાવવી નથી, માટે હે માતા! રજા આપ! આહાહા! એ રાજકુમારો હીરાના પલંગે ને રેશમના ગાદલે સૂનારા, મણિરત્નની પુતળી જેવા જેના શરીર છે, જેણે કદી ટાઢ-તડકો કે કાંટા-કાંકરા જોયા નથી, એવા બાળકો અંદરની સાધના સાધવા ઉગ્ર પુરુષાર્થથી વનમાં ચાલી નીકળે છે, ધન્ય એ દશા! ધન્ય એ અવતાર!

* અરે ભાઈ! તારામાં કઈ ઋદ્ધિની ખામી છે કે પર સામે ઝાંવા નાખે છો? તારી સામે અનંતી ઋદ્ધિવાળો પ્રભુ બિરાજે છે તેની સામે નજર નાખતો નથી ને પર સામે નજર નાંખીને પુણ્ય-પાપના દુઃખને અનુભવે છે! દયા-દાન-ભક્તિ આદિના શુભ વ્યવહારમાં વિસ્મયતા કરે છો એ વિસ્મયતા છોડીને તારી સામે વિસ્મયકારી ચૈતન્ય પ્રભુ બિરાજે છે તેની સામુ જો. તારી પ્રભુતાની વિસ્મયતા કરીને એમાં ઠર. તારા એ આનંદના બાગમાં વિહાર કર, અન્ય દ્રવ્યમાં વિહાર ન કર!

* એક ઊંટને જેલમાં નાખ્યો અને એક આદમીને જેલમાં નાખ્યો, ત્યાં તે આદમી ઊંટ ઉપર બેસીને પોતાને માનવા લાગ્યો કે હું ઊંચો-મોટો છું, પણ છે તો જેલમાં જ ને! પણ એ ભૂલી ગયો. તેમ અહીં બાયડી-છોકરા-પૈસા-મકાન આદિ થઈ જતાં પોતાને ઊંચો માનવા લાગ્યો! પણ છો તો સંસારની જેલમાં જ ને? પણ પરથી પોતાની મોટાઈ માનવાના ભ્રમથી પોતાના ભગવાન આત્માને જ ભૂલી ગયો. એ ભ્રમ ભાંગે તો પોતે ભગવાન થાય.

* ભગવાન આનંદનો નાથ ચૈતન્ય ચક્રવર્તી છે પણ પોતાને ભૂલી ગયો છે ને ભીખારી થઈને ભીખ માગે છે. પૈસા લાવ! બાયડી લાવ! આબરું લાવ! નિરોગતા લાવ! એમ માંગણ થઈને માગ્યાં કરે છે, પણ પોતાની જ અંદર આનંદ ભર્યો છે એની સામું નજર નાખતો નથી, તેથી ચાર ગતિના દુઃખોને ભોગવે છે. જ્યાં આનંદનો નાથ છે ત્યાં નજર કરતો નથી ને જ્યાં નથી આનંદ ત્યાં વલખાં મારે છે. —o—

# * હું મુક્ત જ છું *

હું મુક્ત જ છું, રાગ અને તેના સંબંધે બંધપણું મારામાં છે જ નહિ. સમયસારની ૧૪મી ગાથામાં કહ્યું છે : જે આત્માને અબદ્ધસ્પૃષ્ટાદિ ભાવોરૂપ એટલે કે મુક્તસ્વરૂપ દેખે છે—અનુભવે છે તેને શુદ્ધનય જાણજે. કર્મ તો પર ચીજ છે, તેની સાથે તો જીવને પરમાર્થે સંબંધ છે જ નહિ, પણ રાગાદિ વિભાવો સાથે પણ ખરેખર સંબંધ નથી. આત્મા તો રાગાદિના સંબંધ વિનાની અબંધ ચીજ છે. અબંધ કહો કે મુક્ત કહો. આહાહા ! દૃષ્ટિએ જ્યારે દ્રવ્યને લક્ષમાં લીધું ત્યારે 'હું મુક્ત જ છું' એવો અનુભવ થયો.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ મોચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to
Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે ( સી-મેઈલથી ) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે ( સી-મેઈલથી ) રૂા. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]

A ૧૪૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોપ્રાઈટર